વર્ષ: 7 અંક: 05
1-15 સપ્ટેમ્બર, 2026 (નિ:શુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર




# રાષ્ટ્રની અવિરત યાત્રાનો જયઘોષ...

**સ્વતંત્રતાના 100 વર્ષનો સંકલ્પ સાકાર કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી 13મા સંબોધનમાં દેશ સમક્ષ વિકાસની સપ્ત-ધારાની કાર્યયોજનાની રૂપરેખા આપી. સાથે જ, તેમણે સેમિકન્ડક્ટરથી લઈને સંરક્ષણ ક્રાંતિ સુધીના, તમામ મોરચે ઉભરતા આત્મનિર્ભર ભારતની સુવર્ણ ઝલક પણ રજૂ કરી...**

અમને ફોલો કરો @NISPIBIndia

# આવો... સાથે મળીને

# વિકસિત ભારતનું નિર્માણ કરીએ



**લાલ કિલ્લા પર અવિસ્મરણીય સ્વતંત્રતા દિવસ! આ દિવસ આપણને એ મહાપુરૂષોની હિંમત અને ત્યાગની યાદ અપાવે છે જેમણે આપણને આઝાદી અપાવી. ત્રિરંગો આપણને દરેક પડકારનો સામનો કરવાની, એક્તાના બંધનને મજબૂત કરવાની અને સ્વયંને રાષ્ટ્રને સમર્પિત કરવાની પ્રેરણા આપે છે. સમય આપણો છે, અવસર આપણો છે, સંકલ્પ આપણો છે - આવો, સાથે મળીને વિકસિત ભારતનું નિર્માણ કરીએ...**

લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.



न्यू ईन्डिया
# સમાચાર

વર્ષઃ 7, અંકઃ 05 | 1-15 સપ્ટેમ્બર, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ @NISPIBIndia

## અંદરના પાના પર...

80મા સ્વતંત્રતા દિવસ સમારોહ
કવર સ્ટોરી

# 2047નો સંકલ્પ સપ્ત ધારાનું સામર્થ્ય

'રાષ્ટ્ર પ્રથમ' ના મંત્ર સાથે ભારતે છેલ્લા 12 વર્ષમાં વિકાસનો જે નવો અધ્યાય લખ્યો છે, તે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના ધ્યેયનો આધારસ્તંભ બની ગયો છે. એવામાં આ 15મી ઓગસ્ટે લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી મોદીએ વિકાસની નવી સપ્ત ધારાનું આહવાન કર્યું. આ સાથે જ 13મું સંબોધન બની ગયું રાષ્ટ્રની અવિરત યાત્રાનો જયઘોષ.... |10-29



**વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ**

### ભારતની એક્તા, અખંડિતતા અને શાંતિ જાળવી રાખવાનો દ્રઢ સંકલ્પ

14 ઓગસ્ટના રોજ ઉજવાતો 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' આપણને દેશના વિભાજનની પીડા અને લોકોના સંઘર્ષો અને બલિદાનની યાદ અપાવે છે અને તેનાથી માનવીય સંવેદનાઓ પણ થાય છે મજબૂત... |30-31





### યુપીઆઈ સેવા નિશુલ્ક ચાલુ રહેશે...

સામાન્ય વપરાશકર્તાઓ તથા પર્સન ટુ પર્સન (પીટુપી) લેણદેણ માટે યુપીઆઈ સેવા સંપૂર્ણ રીતે નિઃશુલ્ક રીતે ચાલુ રહેશે. નાણામંત્રી નિર્મલા સીતારામને સ્પષ્ટ કર્યું કે ડિજિટલ લેણદેણ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) વેપારીઓ પર લાગુ થાય છે, ગ્રાહકો પર નહીં... |38




સમાચાર સાર |4-5

વ્યક્તિત્વઃ આશા ભોસલે
જેમણે અવાજના દમ પર કરોડો દિલો પર કર્યુ રાજ. |6

અનુકૂળ વાતાવરણથી ઔદ્યોગિક ક્રાંતિની નવી ઉડાન
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપદેશને આપી વિકાસની ભેટ |32-34

ગુવાહાટી-તેજપુર હાઈવે અને ગોબરધન યોજનાને મંજૂરી
કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય |35

'યુવા' દરેક નિર્ણયનો આધાર
પીએમ મોદીએ આઈઆઈટી દિલ્હી દીક્ષાંત સમારોહમાં કર્યુ સંબોધન |36-37

વિકસિત ભારત માટે જરૂરી, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય
'નશા મુક્ત યુવા વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો પ્રારંભ |39

ભાવિ પેઢીને પ્રેરણાનો મંત્ર.... વિજય
રાષ્ટ્રમંડળ ખેલ ચંદ્રક વિજેતાઓ સાથે પ્રધાનમંત્રી મોદીનો સંવાદ |40-41

ભારતીય લોકશાહી અને સમાજ માટે ધરોહર
પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથાનું વિમોચન |42


**સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યા પર રાષ્ટ્રપતિ દ્રોપદીનો રાષ્ટ્ર જોગ સંદેશ**



### વિકસિત ભારત...

**વાસ્તવિક લક્ષ્ય વિકાસ અને કલ્યાણ**

દેશના 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રજોગ સંદેશમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશવાસીઓને બંધારણના મૂલ્યો અને મૂળ કર્તવ્યોનું પાલન કરવા કર્યુ આહવાન.... |7-9


પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુંઃ રૂમ નંબર - 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે ...

## લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી મોદીનું આહવાન

### સપ્ત ધારા અને વિકસિત ભારતની વાત, યુવાઓને નિઃશુલ્ક કોચિંગની ભેટ

વંદે માતરમ.

લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું 13મું સંબોધન એક ઐતિહાસિક ક્ષણનું સાક્ષી બન્યું. આઝાદી પછી પહેલીવાર લાલ કિલ્લા પર વંદે માતરમની ગુંજ સાંભળવા મળી. લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે 2047 સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્ર બનીને રહેશે. તેના માટે દેશે નિર્માણ, ડિજિટલ વ્યવહારો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છે. હાઈડ્રોજનથી ચાલતી પહેલી ટ્રેનનો પ્રારંભ અને પરમાણુ ઊર્જામાં આત્મ નિર્ભરતાની દિશામાં લેવાઈ રહેલા પગલાં આ વાતનું પ્રમાણ છે.

આ સંબોધનમાં મુખ્ય સંદેશ સપ્ત ધારાનું આહવાન રહ્યો, જેમાં રાષ્ટ્ર નિર્માણની સાત શક્તિઓની રૂપરેખા આપવામાં આવી- મેન્યુફેક્ચરિંગ પાવર, કૃષિ અને ફૂડ પ્રોડક્શન, ટેકનોલોજી અને ઈનોવેશન, ગતિ શક્તિ, સંરક્ષણ શક્તિ, ગ્રીન એન્ડ બ્લુ ઈકોનોમી તથા ભારતનો સોફ્ટ પાવર. આ સાતેય શક્તિઓ મળીને વિકસિત ભારતના સંકલ્પને વેગ આપશે.

યુવાઓને આ યાત્રાના સારથી ગણાવતા પ્રધાનમંત્રીએ આગામી વર્ષમાં એક કરોડ યુવાઓને એઆઈ કૌશલ્યમાં પ્રશિક્ષિત કરવાનું લક્ષ્ય મૂક્યું. સાથે જ વિવિધ પરીક્ષાઓ માટે ફ્રી ઓનલાઈન કોચિંગ ઉપલબ્ધ કરાવવાનું પણ આહવાન કર્યું. વર્ષ 2030માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની, ભારતના વધતા રમત ગમત અને યુવાઓના સામર્થ્યનું પ્રમાણ છે.

નશા મુક્ત ભારત માટે 100 અઠવાડિયાનું વિશેષ અભિયાન, નક્સલવાદના વૈચારિક મૂળને અલગ પાડવાની વ્યૂહરચના અને સિવિલ ડિફેન્સના સશક્ત નેટવર્કની પરિકલ્પના, આ તમામ એક સુરક્ષિત અને શિસ્તબદ્ધ સમાજનો પાયો નાખશે. નારી શક્તિ વંદન અધિનિયમને ઝડપથી લાગુ કરવા માટે તમામ રાજનૈતિક દળોને સહયોગ માટે અપીલ કરાઈ. જે મહિલા સશક્તિકરણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વસતિ ગણતરીમાં સચોટ માહિતી ભરવાનો આગ્રહ અને પંચપ્રણના પુનરાવર્તનથી નાગરિકોને કર્તવ્ય બોધ સાથે જોડ્યા. એકંદરે આ સંબોધન સંકલ્પ, સમર્પણ અને સામૂહિક પ્રયાસનું આહવાન છે અને આ જ, આ વખતે અમારા અંકની આવરણ કથા બની છે.

આ ઉપરાંત, વ્યક્તિત્વની કડીમાં પોતાના અવાજના જોરે કરોડો દિલો પર રાજ કરનાર આશા ભોસલે, કેન્દ્રીય મંત્રી મંડળના નિર્ણય સહિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પખવાડિયાના કાર્યક્રમોનો સમાવેશ કરાયો છે.

આ સાથે, પત્રિકાના ઈન્સાઈડર પેજ પર 15 ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની અને સામે બેઠેલા વિકસિત ભારતના સારથીઓની ઝાંખીઓ અને બેક કવર પર વૈશ્વિક ધરોહર સૂચિમાં સામેલ "સારનાથનું પ્રાચીન બૌદ્ધ સ્થળ" ઉપર વિશેષ સામગ્રીનો સમાવેશ કરાયો છે.

આપ આપના સૂચનો અમને મોકલતા રહો


धीरेन्द्र

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...






### જ્ઞાનવર્ધક, વિશ્વસનીય તથા ઉપયોગી પત્રિકા

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' જ્ઞાનવર્ધક, વિશ્વસનીય તથા ઉપયોગી પત્રિકા છે. આનાથી મને યુપીએસસીની તૈયારીમાં ખૂબ મદદ મળી રહી છે. ખાસ કરીને વિવિધ સરકારી યોજનાઓ અંગે એક સંતુલિત દ્રષ્ટિકોણ તથા સમજણ વિકસિત કરવામાં ખૂબ મદદરૂપ બને છે. મારા તરફથી સમગ્ર 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' પત્રિકાની ટીમને ખુબ ખુબ ધન્યવાદ.

પ્રિન્સ કુમાર સિંહ

Ps0488034@gmail.com

### પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને મળે છે વિશ્વસનીય જાણકારી

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકામાં પ્રકાશિત લેખ સરળ ભાષામાં ઉપયોગી જાણકારી આપે છે. આ પત્રિકા ભારતના વિકાસના અલગ અલગ પાસાઓને સમજવામાં મદદ કરે છે. પત્રિકા જાણકારી મેળવવામાં અને વાંચવામાં સરળ છે. આ ઉપરાંત ન્યૂ ઈન્ડિયા સમાચાર સિવિલ સર્વિસીસ (યુપીએસસી) અને બીજી કોમ્પિટિટિવ એક્ઝામની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે વિશ્વસનીય જાણકારીનું એક મૂલ્યવાન સ્ત્રોત છે. એકંદરે, આ પત્રિકા રીડર્સને માત્ર દેશની પ્રગતિ વિશે જ માહિતી નથી આપતી પરંતુ દરેક નાગરિકને વિકસિત ભારત બનાવવામાં યોગદાન આપવા માટે પ્રેરિત પણ કરે છે.

ashishprabhatmishra@gmail.com

### તસવીરો અને તથ્યો પર આધારિત પ્રસ્તુતિથી સમજવામાં સરળતા

મને ન્યૂ ઈન્ડિયા સમાચાર નો 1 થી 15 ઓગસ્ટ 2026નો અંક ખૂબ જ્ઞાનવર્ધક લાગ્યો, ખાસ કરીને કવર સ્ટોરી. આ લેખ માહિતીપ્રદ છે. પ્રેરણા આપતો છે અને સારી રીતે રજૂ કરાયેલો છે. તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, શિક્ષણ, હેલ્થ કેર, કૃષિ અને સામાજિક કલ્યાણ જેવા ક્ષેત્રોમાં ભારતની વિકાસયાત્રાને અસરકારક રીતે દર્શાવે છે. સાથે જ વિકસિત ભારતના વિઝનને પણ મજબૂત કરે છે. તસ્વીરો અને તથ્યો પર આધારિત પ્રસ્તુતિ, લેખને રસપ્રદ અને સમજવામાં સરળ બનાવે છે.

વડા વલ્લી શ્રીધર

Bsdhar121@gmail.com

### પહેલ, પબ્લિક પોલીસી અને કરંટ અફેર્સ અંગે સારી જાણકારી

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાનો નિયમિત વાચક છું. મને તે ખૂબ જાણકારી આપનારી લાગે છે. તેમાં ખાસ કરીને ભારત સરકારની પહેલ, પબ્લિક પોલીસી અને કરંટ અફેર્સને સમજવા માટે સારી જાણકારી હોય છે.

હર્ષદ મકવાણા

Harshmak161184@gmail.com

### જ્ઞાન અને કૌશલ્ય વિકાસમાં મળે છે મદદ

હું નિયમિત રૂપે ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા વાંચું છું. તે જ્ઞાનવર્ધક છે. સરકારની વિકાસ ગતિવિધિઓ અંગે જાણકારી આપે છે. તે મારા વ્યક્તિગત વિકાસ, જ્ઞાન અને કૌશલ્ય વિકાસમાં પણ મદદ કરે છે. મને આ પત્રિકા વાંચવી અને તેમાંથી શીખવું બંને ગમે છે.

ભાસ્કર સિંહ મહર

Nahskarmahar65@gmail.com


પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુ: રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in

# સમાચાર સાર

## સરકારી કચેરીઓના ચક્કર અને લાંબી લાઇનોથી મુક્તિ




### ઉમંગ એપ પર 2,575 સેવાઓ, ડીજી લોકરના 72 કરોડ યુઝર

ભારત સરકારના ડિજિટલ ઇન્ડિયા અને ડિજિટલ સેવાઓ સાથે સામાન્ય માણસના જોડાણનું જ પરિણામ છે કે હવે લોકોને સરકારી કચેરીઓના ધક્કા નથી ખાવા પડતા. ઘરે બેઠા ડિજિટલ સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થઈ રહી છે. આધાર, ઉમંગ, ડીજી લોકર, કોમન સર્વિસ સેન્ટર, ઈ- સંજીવની જેવી સેવાઓનો લાભ લોકો સરળતાથી લઈ રહ્યા છે.

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રસારણ મંત્રાલય અનુસાર દેશમાં ઈન્ટરનેટ ગ્રાહકોની સંખ્યા 109 કરોડથી ઉપર પહોંચી ગઈ છે, તો 144 કરોડથી વધુ આધાર નંબર જનરેટ કરવામાં આવ્યા છે. ડીજી લોકર પ્લેટફોર્મ પર 71.66 કરોડથી વધુ રજીસ્ટર્ડ યુઝર્સ છે, જેમાંથી 2,822 રજીસ્ટર્ડ યુઝર્સ દ્વારા જારી કરાયેલા 936.03 કરોડથી વધુ દસ્તાવેજ ઉપલબ્ધ છે. યુનિફાઈડ મોબાઈલ એપ્લિકેશન ફોર ન્યૂ એજ ગવર્નન્સ (ઉમંગ) એપ પર 2,575 સરકારી સેવાઓ નાગરિકોને અપાઈ રહી છે.

## પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના

### 51 લાખથી વધુ પરિવારોને લાભ

### 28.4 લાખ કૃષિ પંપનુ સૌરીકરણ

નવીનીકરણીય ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે ઘણી યોજનાઓ શરૂ કરી છે. આ સંદર્ભે ફેબ્રુઆરી 2024માં શરૂ કરાયેલી પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ 10 ઓગસ્ટ સુધીમાં 51.27 લાખથી વધુ પરિવારોએ તેનો લાભ લીધો છે. આ યોજના અંતર્ગત 41.76 લાખ રૂફટોપ પ્લાન્ટ્સ લગાવવામાં આવ્યા છે. આ પરિવારોને રૂપિયા 28,000 કરોડથી વધુની રકમ સબસીડી રૂપે અપાઈ ચૂકી છે. આ યોજનાનું લક્ષ્ય એક કરોડ ઘરોમાં રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવાનું છે. જેના માટે રૂપિયા 75 હજાર કરોડના ખર્ચની જોગવાઈ કરાઈ છે. દેશમાં સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે ચાલી રહેલી પીએમ કુસુમ યોજના અંતર્ગત 31 જુલાઈ 2026 સુધી 28.4 લાખ સિંચાઈ પમ્પોનું સૌરીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે.



## ભારતનું 101મું રામસર સ્થળ

### અરૂણાચલ પ્રદેશનું ગ્લાવ તળાવ

પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્ય સંરક્ષણ અને સતત વિકાસ પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનું પરિણામ છે કે અરૂણાચલ પ્રદેશના ગ્લાવ તળાવને પ્રદેશનું પ્રથમ અને ભારતનું 101મું રામસર સ્થળ ઘોષિત કરાયું છે. વર્ષ 2014માં દેશમાં માત્ર 26 રામસર સ્થળ હતા જે ફક્ત 12 વર્ષોમાં વધીને 101 થઈ ગયા છે.



કમલાંગ ટાઈગર રિઝર્વ અને વન્ય જીવ અભ્યારણ અંતર્ગત સ્થિત ગ્લાવ તળાવ પૂર્વી હિમાલયમાં એક શુદ્ધ મીઠા પાણીનું તળાવ છે અને જૈવ વિવિધતાનું એક પ્રમુખ કેન્દ્ર છે. બારમાસી પર્વતીય પ્રવાહોથી ભરપૂર આ તળાવ ગીચ વનસ્પતિઓથી ઘેરાયેલું છે, આ ભીનાશવાળા ક્ષેત્રમાં વૃક્ષની 150થી વધુ અને ઓર્કિડની 49 પ્રજાતિઓ છે.



**સાયબર ગુનાઓ પર કડક કાર્યવાહી**

# સરકારે 3700 થી વધુ ભ્રામક અને નકલી એપ કરી બ્લોક

ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડીનેશન સેન્ટર (I4C) એ નાગરિકોની સુવિધા માટે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (cybercrime.gov.in) શરૂ કર્યું છે. આ સાથે જ આઈટી એક્ટ 2000 હેઠળ કાર્યવાહી કરતાં નકલી લોન એપ સહિત કુલ 3,718 છેતરપિંડી કરતી મોબાઈલ એપને બ્લોક કરી દેવામાં આવી છે.

લોકસભામાં અપાયેલી જાણકારી અનુસાર, નાણાકીય છેતરપિંડીની તાત્કાલિક ફરિયાદ નોંધવા અને છેતરપિંડી કરાયેલી રકમને બચાવવા માટે વર્ષ 2021માં 'નાગરિક નાણાકીય સાયબર છેતરપિંડી રિપોર્ટિંગ અને વ્યવસ્થાપન પ્રણાલી' શરૂ કરવામાં આવી હતી. આ સિસ્ટમ દ્વારા 30 જૂન 2026 સુધી 32.80 લાખથી વધુ ફરિયાદોમાં રૂપિયા 11,158 કરોડથી વધુ રકમ બચાવવામાં આવી છે. 30 જૂન 2026 સુધી સરકાર દ્વારા 15.75 લાખથી વધુ સીમકાર્ડ અને 5.77 લાખ IMEI નંબર બ્લોક કરવામાં આવ્યા છે.







## જીઆઈ ટેગ વાળા મિથિલા મખાના પહોંચ્યા ઓસ્ટ્રેલિયા

બિહારના દરભંગા જિલ્લાના ખેડૂતો પાસેથી સીધા ખરીદવામાં આવેલા 18 મેટ્રિક ટન જીઆઈ ટેગ વાળા મિથિલા મખાનાનો પહેલો વ્યાવસાયિક જથ્થો દરિયાઈ માર્ગે ઓસ્ટ્રેલિયા મોકલવામાં આવ્યો છે. APEDA (એપીડા) ના સહયોગથી કરાયેલી આ નિકાસથી ખેડૂતોને બજાર મૂલ્યથી લગભગ 18% વધુ લાભ મળ્યો છે. દરભંગા જિલ્લાના મખાના ખેડૂતો પાસેથી મેળવેલો આ પાક બિહારના મુખ્ય જીઆઈ ઉત્પાદનની આંતરાષ્ટ્રીય હાજરીને મજબૂત બનાવશે. ખેડૂતોને આવકના સારા અવસર મળશે. ભારતમાં મખાના ઉત્પાદનમાં બિહારની હિસ્સેદારી લગભગ 85 ટકા છે. આ ક્ષેત્રને વધુ મજબૂત કરવા માટે જુલાઈ 2025થી મખાના માટે એક અલગ એચએસ કોડ લાગુ કરાયો છે. નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન ભારતે અમેરિકા, મધ્ય પૂર્વ અને આફ્રિકા સહિત 20 થી વધુ આંતરરાષ્ટ્રીય સ્થળોએ 7000 મેટ્રિક ટનથી વધુ મખાના અને મખાનાના મૂલ્યવર્ધિત ઉત્પાદનોની નિકાસ કરી.



## હવે ચંદીગઢ અને દાદરા તથા નગર હવેલીમાં

### ઈ- રૂપી આધારિત ડીબીટી

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાની સબસીડી હવે કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ તથા દાદરા અને નગર હવેલીમાં ઈ-રૂપી રૂપે મળશે. ઈ-રૂપી એક વ્યક્તિગત અને ઈચ્છિત હેતુ બંને માટેનું વિશિષ્ટ ડિજિટલ વાઉચર છે. આ સબસીડી PM-GKAY ના લાભાર્થીઓને ડિજિટલ રૂપિયા તરીકે સીધા તેમના વોલેટમાં મળશે.

આ પૈસાનો ઉપયોગ ફક્ત સુચિબદ્ધ દુકાનદારો પાસેથી અનાજ ખરીદવા માટે જ થઈ શકશે. આનાથી રોકડ વ્યવહારો, વચેટીયા, સબસીડીમાં છેતરપિંડીની શક્યતાઓ ઓછી થશે. સરકાર લેણદેણ પર વાસ્તવિક સમયમાં દેખરેખ પણ રાખી શકશે. અગાઉ આ યોજના ગુજરાત અને પુડુચેરીમાં લાગુ કરવામાં આવી હતી. ■



# જેમણે અવાજના જોરે કરોડો દિલો પર કર્યું રાજ

*પોતાના મધુર અવાજ અને અદ્વિતીય પ્રતિભાના જોરે આશા ભોસલેએ ભારતીય સંગીતને વધુ સમૃદ્ધ બનાવ્યું છે. દરેક પ્રકારના સંગીતમાં ઢળી જવાની તેમની અનોખી પ્રતિભા દરેક વ્યક્તિનું દિલ જીતી લેતી હતી. આશા ભોસલેએ હિન્દી, મરાઠી, બાંગ્લા, તમિલ, ગુજરાતી સહિત અનેક ભાષાઓની સાથે સાથે લોકગીતોમાં પણ અમીટ છાપ છોડી છે. તેમનો અજોડ અવાજ અને સંગીતનો વારસો લોકોના હૃદયમાં ગુંજતો રહેશે. તેમની આ કળા ભાવિ પેઢીઓને કરતી રહેશે પ્રેરિત...*







8 સપ્ટેમ્બર 1933 ▪ મૃત્યુ: 12 એપ્રિલ 2026

મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં 8 સપ્ટેમ્બર 1933ના રોજ મરાઠી પરિવારમાં જન્મેલા આશા ભોસલેના અવાજમાં માત્ર સૂર જ નહીં પરંતુ ભાવનાઓની જીવંત અભિવ્યક્તિ પણ અનુભવાતી હતી. પ્રેમની મધુરતા, વિરહની વેદના, આનંદનો ઉલ્લાસ અને પીડાની ઊંડાઈ બધું જ તેમાં સમાયેલું હતું. તેમના ગીતોએ પેઢીઓને માત્ર સાંભળવાનું જ નહીં પરંતુ અનુભવવાનું પણ શીખવાડ્યું. સંગીતકાર દીનાનાથ મંગેશકર તેમના પિતા અને મહાન ગાયિકા તથા ભારત રત્નથી સન્માનિત લતા મંગેશકર તેમના મોટા બહેન હતા. આવા પરિવારમાંથી હોવાને કારણે નાનપણથી જ સંગીત સાથેનો તેમનો મજબૂત સંબંધ હતો. તેમણે 1943માં 10 વર્ષની ઉંમરે ગાવાનું શરૂ કરી દીધું હતું અને 90 વર્ષની ઉંમર સુધી ગાતા રહ્યા હતા. એક કલાકાર અને વ્યક્તિ તરીકે તેમણે પોતાની જિંદગી પોતાની શરતો પર જીવી હતી.

પોપથી ગઝલ સુધી, ડિસ્કોથી ક્લાસિકલ સુધી એવી કોઈ શૈલી ન હતી જે આશા ભોસલેએ છોડી હોય. આઠ દશકોથી વધુના પોતાના પ્રોફેશનલ જીવનમાં તેમણે ઘણી ભારતીય ભાષાઓમાં હજારો ગીતોને મધુર અવાજ આપ્યો. ભારતીય સંગીતની દુનિયામાં તેમણે એક અમીટ છાપ છોડી. એવું કહેવાય છે કે તેમણે 12,000થી વધુ ગીતો ગાયા છે. સંગીત ક્ષેત્રે તેમના અપાર યોગદાનને માન્યતા આપતા તેમને પદ્મવિભૂષણ, દાદા સાહેબ ફાળકે પુરસ્કાર અને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સહિત ઘણા પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત કરાયા છે. સાથે જ તેમણે અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માન પણ મેળવ્યા હતા. તેમણે લાંબા સમય સુધી ભારતીય કળા જગતને સમૃદ્ધ બનાવવામાં અનોખી ભૂમિકા ભજવી છે. તેમના અવાજમાં જેટલી કોમળતા હતી, તેમના વ્યવહારમાં એટલી જ સાદગી અને આત્મીયતા હતી. એટલું જ નહીં, ઘણી ભાષાઓમાં ગીતો ગાઈને તેમણે ભારતીય ગીત-સંગીત અને સિનેમાને વૈશ્વિક મંચ પર પ્રતિષ્ઠિત બનાવ્યું.

12 એપ્રિલ 2026 ના રોજ 92 વર્ષની ઉંમરે તેમનું નિધન થયું. તેમના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "ભારતની સૌથી પ્રતિષ્ઠિત અને બહુમુખી અવાજોમાંના એક આશા ભોસલેજીના અવસાનથી હું અત્યંત દુઃખી છું." તેમની દશકોની અસાધારણ સંગીતમય યાત્રાએ આપણી સાંસ્કૃતિક વિરાસતને સમૃદ્ધ બનાવી છે. દુનિયાભરમાં અગણિત દિલોને સ્પર્શ્યા છે. તેમની ભાવપૂર્ણ ધૂનો હોય કે જીવંત રચનાઓ તેમના અવાજમાં એક શાશ્વત તેજ હતું. તેમની સાથે થયેલી મુલાકાતોને હું હંમેશા મારી યાદોમાં રાખીશ. તેમના પરિવાર, પ્રશંસકો અને સંગીત પ્રેમીઓ પ્રત્યે મારી ઊંડી સંવેદનાઓ તેઓ પેઢીઓને પ્રેરિત કરતા રહેશે અને તેમના ગીત હંમેશા લોકોના જીવનમાં ગુંજતા રહેશે. ▪



રાષ્ટ્રપતિનું રાષ્ટ્રને સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યા પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો રાષ્ટ્રજોગ સંદેશ

# વિકસિત ભારત...

## વાસ્તવિક લક્ષ્ય વિકાસ અને કલ્યાણ

*દેશના 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રજોગ સંદેશમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્ર નિર્માણમાં પ્રત્યેક નાગરિકની ભાગીદારી પર ભાર મૂક્યો. સ્વતંત્રતા સંગ્રામના સેનાનીઓને નમન કરતા તેમણે કહ્યું કે ભારત 2047 સુધી વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્યની સાથે આગળ વધી રહ્યું છે. રાષ્ટ્રપતિએ યુવાઓ, મહિલાઓ, ખેડૂતો, વૈજ્ઞાનિકો, શ્રમિકો, ખેલાડીઓ, સુરક્ષા દળો અને સમાજના વિવિધ વર્ગોના યોગદાનની પ્રશંસા કરતા દેશવાસીઓને બંધારણના મૂલ્યો અને મૂળ કર્તવ્યોનું પાલન કરવાનું કર્યું આહવાન...*

### સ્વતંત્રતાની સાર્થકતા

તમામ દેશવાસીઓ, સ્વતંત્ર ભારતના ભવિષ્યના નિર્માતા બને. આપણે ભારતના લોકો, પોતાના સપનાઓ સાકાર કરવાના અવસરોનો ઉપયોગ કરી શકીએ અને ભારતને સર્વ શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવાની ભાવના સાથે કાર્ય કરીએ એમાં જ સ્વતંત્રતાની સાર્થકતા છે.

### વિકસિત ભારતનું નિર્માણ

2047 સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ સુધી વિકસિત ભારતના નિર્માણ માટે આપણે આગળ વધી રહ્યા છીએ. અંત્યોદયની ભાવના સાથે, અમારો સંકલ્પ છે કે વિકાસનો લાભ પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચે. આપણો સમૃદ્ધ વારસો અને સ્વતંત્રતા સંગ્રામના આદર્શોને અપનાવતા, આપણે આધુનિક વિકાસના માર્ગ પર અગ્રેસર છીએ. 'વયં રાષ્ટ્રે જાગૃયામ', આ વેદ વાક્ય આપણને પ્રેરણા આપે છે કે આપણે રાષ્ટ્ર માટે હંમેશા જાગૃત રહીએ.

### સ્વતંત્રતા સેનાનીઓને કર્યું નમન

આપણા સ્વતંત્રતા સંગ્રામમાં સંઘર્ષરત અલગ અલગ વિચારધારાઓ વાળા લોકોનું લક્ષ્ય એક જ હતું - ભારતની સ્વતંત્રતા. 'સ્વદેશી આંદોલન' દરમિયાન 'વંદે માતરમ' જન-જનનું ગીત બની ગયું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નેતૃત્વમાં અગણિત દેશવાસીઓ સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા. બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરે સમાજ સુધારણા તથા રાષ્ટ્ર નિષ્ઠાના ઉચ્ચ આદર્શ પ્રસ્તુત કર્યા. ભારત માતાના એ તમામ મહાન સંતાનોને હું સાદર નમન કરું છું. જેમના આદર્શોના માર્ગે ચાલતા, દેશ સ્વતંત્ર થયો અને આગળ વધ્યો.

### વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ

14 ઓગસ્ટનો દિવસ, આપણે, વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે મનાવીએ છીએ. આપણે એ લાખો દેશવાસીઓને યાદ કરીએ છે જેઓ વિભાજન સાથે જોડાયેલી હિંસામાં માર્યા ગયા અથવા વિસ્થાપિત થવાના દુઃખને સહન કરવા મજબૂર થયા. સાંપ્રદાયિક હિંસાને કારણે લાખો લોકોને શરણાર્થી બનવું પડ્યું અને ભાગલાની વિભીષિકા સહન કરવી પડી છતાં તેમણે પોતાની ઓળખ છોડી નહીં.

### લોકશાહીની પ્રેરણાદાયક સિદ્ધિ

'ભારતના લોકો' દ્વારા નિર્મિત આપણું બંધારણ નાગરિકોની ભાગીદારી પર આધારિત છે. લોકશાહીની જનની ભારત ભૂમિના રહેવાસીઓમાં જન ભાગીદારીની ભાવના હંમેશાથી અસ્તિત્વમાં રહી છે. આ ભાવનાને નવી ઊર્જા સાથે દેશવાસીઓ આગળ ધપાવી રહ્યા છે રાષ્ટ્રીય અભિયાનોને જન ભાગીદારી દ્વારા આગળ વધારવામાં રહ્યા છે. આ આપણી લોકશાહીની પ્રેરણાદાયક સિદ્ધિ છે.

### મહિલાઓની આર્થિક આત્મનિર્ભરતા

શિક્ષણ ક્ષેત્રે આપણી દીકરીઓ પ્રભાવશાળી પ્રદર્શન કરી રહી છે. સાથે જ, કૃષિ ઉત્પાદકતા વધારવામાં યોગદાન આપતી ડ્રોન દીદીથી લઈ વાયુસેનામાં ફાઈટર કોમ્બેટ લીડર બનવા સુધી વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી વધી રહી છે. તાજેતરમાં જ ગ્લાસગોમાં સંપન્ન થયેલા રાષ્ટ્ર મંડળ રમતોમાં ભારતના કુલ 13 સુવર્ણચંદ્રકમાં 8 સુવર્ણચંદ્રક દીકરીઓએ જીત્યા. મહિલાઓની આર્થિક આત્મનિર્ભરતા વધી રહી છે.

### નારી શક્તિ વંદન અધિનિયમ

મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ કરી રહી છે. મતદાનમાં પણ મહિલાઓની વધતી ભાગીદારી આપણા ગણતંત્રની વિશેષ સફળતા છે. લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓનું 33% પ્રતિનિધિત્વ આરક્ષિત કરવા માટે 2023માં નારી શક્તિ વંદન અધિનિયમ પારિત કરાઈ ચૂક્યો છે.

### યુવા વસતિ આપણી સૌથી મૂલ્યવાન સંપત્તિ

દેશની કુલ વસતિમાં 65 ટકા લોકોની ઉંમર 35 વર્ષથી ઓછી છે. આ યુવા વસતિ આપણી સૌથી મૂલ્યવાન સંપત્તિ છે. આપણા દેશના યુવાઓ ટેલેન્ટેડ છે, કમિટેડ છે અને સ્કિલ્ડ છે. જમીની સ્તરે યુવાઓ દ્વારા કરવામાં આવેલા વિવિધ સમસ્યાઓના ઈનોવેટિવ અને પ્રેક્ટિકલ ઉકેલોને જોઈને મને સમાજ અને દેશ માટે તેમની પ્રતિબદ્ધતાનો પરિચય મળે છે.



## વિદ્યાર્થી, ભારતના ભવિષ્ય નિર્માતા

આપણા વિદ્યાર્થી ભારતના ભવિષ્યના નિર્માતા છે. જેવી રીતે રાષ્ટ્રીય સુરક્ષા માટે સરકાર અને સમાજનું એકસાથે રહેવું જરૂરી છે, તેવી રીતે વિદ્યાર્થીઓના વર્તમાન અને ભવિષ્યની સુરક્ષા માટે પણ તમામ સંકલિત પ્રયાસ જરૂરી છે. જાહેર પરીક્ષાઓ, વિદ્યાર્થીઓ માટે અવસરોના દ્વાર ખોલે છે. માટે સરકાર આ પરીક્ષાઓમાં સુધાર માટે વ્યાપક પગલાં ઉઠાવી રહી છે. આ સુધારાનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે જાહેર પરીક્ષાઓમાં અનુચિત પ્રયાસો પર સંપૂર્ણ રીતે અંકુશ લાગે. પરીક્ષા પ્રણાલી વધુ પારદર્શક અને યુવાઓ માટે સુરક્ષિત તથા ભરોસા પાત્ર હોય.

### યુવાઓ માટે અનેક પ્રકારના નવા અવસર

સરકારના પ્રયાસો તથા નવી આર્થિક પ્રવૃત્તિઓથી યુવાઓ માટે અનેક પ્રકારના નવા અવસર ઉત્પન્ન થઈ રહ્યા છે. આવા અવસરો વિશે જાણકારી મેળવી આપણા યુવાનો સફળતાના નવા માર્ગ પસંદ કરી શકે છે. યુવાઓનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, દેશના ભવિષ્યનો આધાર છે. પરિવાર અને સમાજની પણ જવાબદારી છે કે યુવાઓ ઉત્સાહ સાથે આગળ વધતા રહે.

### વરિષ્ઠ નાગરિકો માટે અનેક પગલાં

સરકારે વરિષ્ઠ નાગરિકોના જીવનને સારૂ બનાવવા માટે અનેક પગલાં ઉઠાવ્યા છે. 70 વર્ષ કે તેથી વધુ ઉંમરના લગભગ 6 કરોડ વરિષ્ઠ નાગરિકો માટે પ્રતિ વર્ષ પાંચ લાખ રૂપિયા સુધીની નિઃશુલ્ક આરોગ્ય સેવા સુવિધાઓ ઉપલબ્ધ છે.

### નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં ઉત્સાહનું વાતાવરણ

ભારતને નક્સલ મુક્ત બનાવવું એ એક મોટી સિદ્ધિ છે. હવે નક્સલવાદથી પ્રભાવિત વિસ્તારોમાં ઉત્સાહનું વાતાવરણ છે તથા વિકાસની સર્વાંગી લહેર ત્યાં વહેતી થઈ છે. બસ્તર ઓલિમ્પિક્સમાં ખેલાડીઓએ, બસ્તર પંડુમમાં કલાકારોએ તથા આ આયોજનોમાં દર્શકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો.



### આધુનિક ભારતની એક્તાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ

જ્યારે આપણો દેશ સ્વતંત્ર થયો તે સમયે, દેશ ભાગલાના ગંભીર પરિણામોની સાથે 550થી વધુ રજવાડાઓને નવા સ્વતંત્ર ભારત સાથે એકીકૃત કરવા એ પણ એક અસાધારણ પડકાર હતો. સરદાર પટેલે રજવાડાઓને નાબૂદ કર્યા અને તેમને આપણી સ્વતંત્ર લોકશાહીમાં ભેળવી દીધા. એક કૃતજ્ઞ રાષ્ટ્ર વતી, હું આધુનિક ભારતની એક્તાના શિલ્પી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં તેમને આદરપૂર્વક નમન કરૂં છું.

### શિક્ષણ ક્ષેત્રમાં સફળતાના નવા સીમાચિહ્ન

આપણા દેશના લોકો મહાત્મા જ્યોતિબા ફૂલેની 200મી જયંતિ ઉજવી રહ્યા છે. મહાત્મા ફૂલે અને ક્રાંતિ જ્યોતિ સાવિત્રીબાઈ ફૂલેએ સામાજિક ન્યાય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને સમાનતાના ક્ષેત્રમાં ઐતિહાસિક યોગદાન આપ્યું છે. તેમના આદર્શોના માર્ગદર્શન હેઠળ તાજેતરના વર્ષોમાં સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોના ઉત્થાનને રાષ્ટ્રીય પ્રાથમિકતા આપવામાં આવી છે. મહિલા શિક્ષણના ક્ષેત્રમાં સફળતાના નવા માપદંડો સ્થાપિત થયા છે.

### વસુધૈવ કુટુંબકમનો આદર્શ આપણી વિદેશ નીતિનો આધાર સ્તંભ

આપણી વિદેશ નીતિ, દેશહિત પર આધારિત છે શાંતિ, સહયોગ, સંવાદ તથા વસુધૈવ કુટુંબકમના આદર્શ આપણી વિદેશ નીતિના આધાર સ્તંભ છે. આર્થિક સહયોગ વધારવા તથા પારસ્પરિક સંબંધોને વધુ ગાઢ બનાવવા આપણે, અનેક દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા છે.

### આપણી પ્રભાવશાળી ક્ષમતાના પ્રતિક

રાષ્ટ્ર ગૌરવના રક્ષણ માટે બનાવવામાં આવેલા મરાઠા લશ્કરી પરંપરા સાથે સંકળાયેલા 12 કિલ્લાઓને ગત વર્ષે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સ્થાન અપાયું છે. આ વર્ષે ભગવાન બુદ્ધના પ્રથમ પ્રવચનનું સ્થળ સારનાથને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ કરાયું છે. ભારત ભૂમિમાં એક તરફ ભગવાન બુદ્ધ સાથે જોડાયેલા આધ્યાત્મિક સ્મારક છે. તો બીજી તરફ આત્મસન્માન તથા આપણી ગૌરવશાળી પરંપરાઓની રક્ષા માટે યુદ્ધ કરવાની પ્રભાવશાળી ક્ષમતાના પ્રતિકો પણ જોવા મળે છે.

### પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રણી યોગદાન

આધુનિક વિકાસના માર્ગ પર આગળ વધવાની સાથે સાથે પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રમાં પણ ભારત, વૈશ્વિક સ્તરે અગ્રણી યોગદાન આપી રહ્યું છે. સતત વિકાસ લક્ષ્ય 2030 ના કેટલાક લક્ષ્યોને આપણા દેશે સમય પહેલા જ પ્રાપ્ત કરી લીધા છે. નવીનીકરણીય ઊર્જાના વિકાસને છેલ્લા કેટલાક વર્ષોમાં અભૂતપૂર્વ વેગ મળ્યો છે.

### નવી રોજગારીનું સર્જન

આપણા દેશમાં ધોરીમાર્ગો, જળમાર્ગો, રેલમાર્ગો, અને હવાઈ માર્ગોના રૂપે આધુનિક માળખાકીય સુવિધાઓનો અભૂતપૂર્વ વિસ્તાર થયો છે. આનાથી નવા ઉદ્યોગો માટેના અવસર ઉત્પન્ન થઈ રહ્યા છે. નવી રોજગારીનું સર્જન થઈ રહ્યું છે તથા રોકાણકારોનો વિશ્વાસ વધી રહ્યો છે.

# 2047નો સંકલ્પ સપ્ત ધારાનું સામર્થ્ય



**લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા હતા, ત્યારે તેમના મનમાં છેલ્લા 12 વર્ષમાં ભારતની વિકાસ યાત્રા માટે માત્ર સ્વાભાવિક સંતોષ જ ન હતો, પણ એક ભવ્ય આધુનિક ભારત બનાવવાનો દ્રઢ સંકલ્પ પણ હતો. જ્યારે કોઈ રાષ્ટ્રનું નેતૃત્વ સંવેદશીલ હોય છે ત્યારે તેનો વિકાસ ફક્ત આંકડાઓ સુધી મર્યાદિત નથી હોતો, પરંતુ સંતોષની સાથે તેને વધુ વિરાટ બનાવવાની ઈચ્છાશક્તિ પણ નાગરિકોના મનમાં નવસર્જનની ભાવનાને પ્રેરણા આપે છે. છેલ્લા 12 વર્ષમાં 'રાષ્ટ્રપ્રથમ' ના મંત્ર સાથે ભારતના વિકાસનો જે નવો અધ્યાય લખ્યો છે, તે 2047 સુધી ભારતના વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્યનો આધાર સ્તંભ બની ચૂક્યો છે. એવામાં આ 15 ઓગસ્ટે લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી મોદીએ વિકાસની નવી સપ્ત ધારાનું આહવાન કર્યું. આ સાથે જ 13મું સંબોધન બની ગયું રાષ્ટ્રની અવિરત યાત્રાનો જયઘોષ...**





वन्दे मातरम्।
सुजलाम् सुफलाम्
मलयजशीतलाम्,
शस्यशामलाम् मातरम्।
वन्दे मातरम्।।

शुभ्रज्योत्स्ना पुलकितयामिनीम्,
फुल्लकुसुमित
द्रुमदलशोभिनीम्,
सुहासिनीम् सुमधुरभाषिणीम्,
सुखदाम् वरदाम् मातरम्।
वन्दे मातरम्।।

આ સ્વતંત્રતા દિવસે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમારોહ માટે લાલ કિલ્લા પર પહોંચ્યા ત્યારે વંદે માતરમની ભાવના અને સંકલ્પ રૂપી ઉત્સવનું વાતાવરણ ચારેકોર નવી ઊર્જાનો સંચાર કરી રહ્યું હતું. લાલ કિલ્લા પરથી પહેલી વાર ગુંજતું આ રાષ્ટ્રીય ગીત ફક્ત આપણા ગૌરવશાળી વારસાનું સન્માન કરવાનો પ્રસંગ જ નહીં, પણ એક એવી ક્ષણ બની જેણે 140 કરોડ નાગરિકોને એવી જ પ્રેરણા આપી જેવી ભાવના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન જોવા મળી હતી. 19મી સદીના અંતિમ ચરણ અને 20મી સદીની શરૂઆતમાં 'વંદે માતરમ્' ભારતીયતા અને રાષ્ટ્રવાદનું જાગરણ ગીત બની ગયું હતું. હવે 21મી સદીનું ભારત પોતાના વિરાટ સંકલ્પની સિદ્ધિની દિશામાં અગ્રેસર છે અને યુવા શક્તિ જ તેનું નિર્ણાયક નેતૃત્વ કરી રહી છે. આ જ કારણ છે કે આ વર્ષે લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસ સમારોહના આયોજનની વિષયવસ્તુ જ 'વંદે માતરમના 150 વર્ષ' અને 'વિકસિત ભારત@2047 માટે યુવા શક્તિ' બની હતી.

જ્યારે અવસર યુવા શક્તિને સમર્પિત હોય તો તેનો અર્થ એ છે કે નવું ભારત પ્રગતિની નવી ગાથા લખવા માટે તૈયાર છે. એવામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી સ્પષ્ટ સંદેશો આપ્યો કે ભારતની યુવા શક્તિ વિકસિત ભારતના સંકલ્પને હકીકતમાં બદલવા માટે તૈયાર છે.

### યુવા બની રહ્યા છે વિકસિત ભારતના સારથી

આજે ભારતના યુવાનોની આકાંક્ષાઓને નવી ઉડાન મળી રહી છે. દુનિયાનો સૌથી યુવા દેશ ભારત આજે વિકાસનો વાહક બન્યો છે. ભારતનો યુવા હવે ફક્ત નોકરી માંગવા વાળો નહીં પરંતુ નોકરી આપવા વાળો બની રહ્યો છે. ભારત આજે દુનિયાનું ત્રીજુ સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે. યુવા આજે સાચા અર્થમાં વિકસિત ભારતના સારથી બની ગયા છે. કેન્દ્ર સરકારે યુવાઓ માટે શિક્ષણ, કૌશલ્ય, ઉદ્યમની અનેક તકો 12 વર્ષમાં ઉપલબ્ધ કરાવી છે. આ વર્ષોમાં 12 લાખથી વધુ નિમણૂક પત્રો રોજગાર મેળાના માધ્યમથી સોંપવામાં આવ્યા છે. વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સેમિકન્ડકટર મેન્યુફેક્ચરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ), ઈનોવેશન પર ભાર મુકાયો છે, તો ડિજિટલ ટેકનોલોજીનો પ્રયોગ પ્રધાનમંત્રી મોદીના સુશાસનનો અભિન્ન અંગ બની ગયો છે. આજે વિજ્ઞાન-ટેકનોલોજી સુશાસનનું અનિવાર્ય અંગ છે.

યુવા સામર્થ્ય માત્ર શક્તિ નથી, તેને સન્માન આપવાનો પણ વિશેષ અવસર 80મો સ્વતંત્રતા દિવસનો સમારોહ બન્યો. દુનિયાનો સૌથી યુવાન દેશ ભારતના મનમાં, આકાંક્ષાઓ છે તો કેન્દ્ર સરકારે આ આકાંક્ષાઓને વીતેલા 12 વર્ષમાં અનેક પહેલો દ્વારા નવી ઉંચાઇ આપી છે. આ વખતના સમારોહમાં પહેલીવાર લાલ કિલ્લા પર યુવાઓને વિશેષ રૂપે સન્માનિત પણ કરાયા. ઈન્ટરનેશનલ ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને મેથેમેટિક્સ ઓલમ્પિયાડ 2026માં ચંદ્રક જીતનાર 19 વિદ્યાર્થીઓની ઉપલબ્ધિઓ વિજ્ઞાન ક્ષેત્રમાં યુવા શક્તિની સફળતાનું ઉદાહરણ છે. આ વિદ્યાર્થીઓને સ્વતંત્રતા દિવસ સમારોહમાં માત્ર આમંત્રિત જ ન કરાયા, પરંતુ તેમને લાલ કિલ્લા પર સ્થાન આપી વિશેષ સન્માન આપવામાં આવ્યું. રાષ્ટ્રના ટોચના નેતૃત્વનો આ યુવાઓ પ્રત્યે વિશેષ આદર્શ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની અનોખી પહેલનું ઉદાહરણ છે. આ આયોજનમાં યુવા ઈનોવેટર્સ, પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજનાના ઉત્કૃષ્ટ તાલીમાર્થી, ઉત્કૃષ્ટ સ્ટાર્ટઅપ, પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનામાં પ્રશિક્ષિત ઉત્કૃષ્ટ યુવા, માય ભારતના ઉત્કૃષ્ટ વોલેન્ટીયર, નમસ્તે, પ્રધાનમંત્રી અજય અને સીડ યોજનાની સાથે સાથે વિવિધ યોજનાના લાભાર્થીઓને પણ સામેલ કરાયા હતા. આ દર્શાવે છે કે નવું ભારત પોતાના યુવાનો અને અન્ય વર્ગોને કેવી રીતે નવા અવસર આપી તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરી રહ્યું છે.





### વંદે માતરમ્ ગૌરવશાળી વારસાથી વિકસિત ભારતની યાત્રા

લાલ કિલ્લાના પ્રાંગણમાં વંદે માતરમનું ફક્ત ગાયન જ ન કરાયું, પરંતુ ફૂલોની સજાવટથી લઈ જ્ઞાનપથ પર સ્વયંસેવકો દ્વારા બનાવેલા સ્મારક સુધી બધું જ વંદે માતરમ્ દર્શાવતું હતું. ભારતીય વાયુ સેનાના એમઆઈ-17 હેલિકોપ્ટરે વંદે માતરમના 150 વર્ષના અવસરે એક ખાસ બેનર સાથે ઉડાન ભરી અને લાલ કિલ્લા પર ઉપસ્થિત લોકો પર પુષ્પ વર્ષા કરી. આ માત્ર વંદે માતરમની 150મી વર્ષગાંઠનું સ્મરણ માત્ર નહોતું, પરંતુ નવા ભારતનો સ્પષ્ટ સંદેશ હતો કે જેમ 'વંદે માતરમ' ગીત ભારતના સ્વતંત્રતા સંગ્રામનું પ્રતીક બન્યું તેમ વિકસિત ભારતના સંકલ્પની સિદ્ધિમાં તે હવે નવી વિચારસરણી અને આગળ વધવાના ઉત્સાહને પ્રેરણા આપશે. 19 મી સદીના અંતના બૌદ્ધિક અને સાહિત્યિક વાતાવરણમાંથી નીકળેલું વંદે માતરમ્ તેના સાહિત્યિક મૂળથી આગળ વધીને વસાહતીવાદ વિરોધી પ્રતિકાર અને સામૂહિક આકાંક્ષાનું એક શક્તિશાળી પ્રતીક બન્યું છે. આ આયોજન માત્ર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયના દ્રષ્ટિકોણની પ્રાસંગિકતાની જ પુષ્ટિ નથી કરતું, પરંતુ આધુનિક ભારતમાં રાષ્ટ્રવાદ, એકતા અને સાંસ્કૃતિક આત્મજાગૃતતાના વિમર્શને આકાર આપવામાં આ ગીતની ભૂમિકા વિશે વિચારવા માટે પણ પ્રેરિત કરે છે.

આજ કારણ છે કે આ 80મા સ્વતંત્રતા દિવસ પર પ્રધાનમંત્રી મોદીએ ઘણી સાહસિક ઘોષણાઓ કરી, જે એક એવા રાષ્ટ્રનો સંકેત આપે છે, જે માત્ર ભવિષ્યમાં પગરણ માંડવા માટે નહીં, પરંતુ છલાંગ લગાવવા માટે તૈયાર છે. લાલ કિલ્લાની પ્રાચીરથી પ્રધાનમંત્રી મોદીનું સતત 13મું સંબોધન રાષ્ટ્રના વિશ્વાસનું પણ પ્રતીક છે. આ વિશ્વાસનું કારણ છે કે લાલ કિલ્લા પરથી અત્યાર સુધી કરાયેલી દરેક ઘોષણા સાકાર થઈ છે.

### સમાવેશી વિકાસ અને કાયમી સમાધાન

પ્રગતિ પથ પર આગળ વધેલી આ 12 વર્ષની યાત્રાનું સૌથી સુખદ પાસું એ છે કે દાયકાઓ સુધી જે મુદ્દાઓને કાયમી સમસ્યા માનીને નસીબના ભરોસે છોડી દેવાયા હતા, તેમના કાયમી ઉકેલ કરાયા છે. દ્રઢ સંકલ્પ અને ઈચ્છા શક્તિ પીએમ મોદીની વિશેષતા છે, જેમાં કેન્દ્ર સરકારનું માર્ગદર્શક સૂત્ર "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" મહત્વપૂર્ણ આધાર છે. જમ્મુ-કાશ્મીરથી કલમ 370 ની સમાપ્તિ હોય કે હર ઘર શૌચાલય, ઉજ્જવલા યોજના દ્વારા સ્વચ્છ ઈંધણની પહોંચ, નળથી જળ યોજના, શ્રમિકો માટે સામાજિક સુરક્ષા કવચ, આયુષ્યમાન ભારત દ્વારા 60 કરોડથી વધુ લોકો માટે પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા, ભારત રોજ નવા અધ્યાય લખી રહ્યું છે.

અન્નદાતા એવા ખેડૂત આજે વિકસિત ભારતના આધારસ્તંભ બનીને ઉભર્યા છે. પીએમ કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી પાક વીમા યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પાકના લઘુત્તમ ટેકાના ભાવો વધારવા



જેવી અનેક યોજનાઓ ખેડૂત કલ્યાણ અને સશક્તિકરણનો આધાર બની છે. ખેતીને આજે એક ઉદ્યોગની જેમ વિકસિત કરાઈ રહ્યું છે.

વિકસિત ભારતના નિર્માણમાં નારી શક્તિનું યોગદાન મહત્વપૂર્ણ છે, આજ કારણ છે કે મહિલાના નેતૃત્વમાં વિકાસ એક નવી પરિભાષા બની ગઈ છે. સુકન્યા સમૃદ્ધિ યોજના, બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન, 26 અઠવાડિયાની મેટરનીટી રજા, રોજગાર-સ્વરોજગારના સમાન અવસર, રાષ્ટ્ર નિર્માણમાં નારી શક્તિ ભાગીદાર બની રહી છે. લોકસભા વિધાનસભાઓમાં 33 ટકા મહિલા આરક્ષણ હવે વાસ્તવિકતા બની ચૂક્યું છે. તેને બને તેટલી જલ્દી લાગુ કરવાની પ્રતિબદ્ધતાનો ફરી એક વાર લાલ કિલ્લાની પરથી પુનરોચ્ચાર કરાયો.

આંતરિક સુરક્ષાના મામલે આ છેલ્લા 12 વર્ષની સૌથી મોટી સિદ્ધિઓમાંની એક છે. ગઈકાલ સુધી જે રેડ કોરિડોર કહેવાતા હતા, આજે તે ગ્રીન ગ્રોથ ઝોન બનવા લાગ્યા છે. આદિવાસી ક્ષેત્રોમાં હવે વિકાસનો સૂરજ ઉગી રહ્યો છે.

દેશમાં ધોરીમાર્ગો, રેલમાર્ગો, હવાઈ મથકો અને જળ માર્ગોનો અભૂતપૂર્વ વિસ્તાર થયો છે. વંદે ભારત એક્સપ્રેસે રેલ યાત્રાને "સ્વદેશી, સ્પીડ અને સુવિધા"ની ત્રિવેણી બનાવી દીધી છે. પીએમ ગતિશક્તિએ મલ્ટી મોડેલ કનેક્ટિવિટીના સંકલ્પને સાકાર કર્યો છે. 'ડિજિટલ ઈન્ડિયા' એ અંતરિયાળ ગામો સુધી ઈન્ટરનેટની પહોંચ સુનિશ્ચિત કરી ટેકનોલોજીથી પરિવર્તનના નવા યુગની શરૂઆત કરી દીધી છે. યુપીઆઈએ ભારતને વિશ્વમાં ડિજિટલ વ્યવહારોનો અગ્રણી દેશ બનાવી દીધો છે.

સપ્ત ધારા દ્વારા વિકસિત ભારત માટે નવી શક્તિ

છેલ્લા 12 વર્ષોમાં ભારતે રિફોર્મની નવી ગતિ પકડી છે. પરંતુ વિકસિત ભારતના સંકલ્પની સિદ્ધિમાં નિરંતર નવા સુધારા સાથે તેને નેક્સ્ટ લેવલ પર લઈ જવાની જરૂર છે. તેના માટે સરકાર હોય કે સમાજ, ઉદ્યોગ હોય કે ઉત્પાદક, ખેડૂત હોય કે સામાન્ય નાગરિક સૌને પોતાની પરંપરાગત વ્યવસ્થા અને વિચારમાં પરિવર્તન લાવવું પડશે. આ જ મંત્ર સાથે પ્રધાનમંત્રી મોદીએ લાલ કિલ્લા પરથી સપ્ત ધારાનું આહવાન કર્યું.

સપ્ત ધારાની પહેલી શક્તિ છે - મેન્યુફેક્ચરિંગ પાવર.

સપ્ત ધારાની બીજી શક્તિ છે - કૃષિ અને ફૂડ પ્રોડક્શન.

સપ્ત ધારાની ત્રીજી શક્તિ છે - ટેક્નોલોજી અને ઈનોવેશન.

સપ્ત ધારાની ચોથી શક્તિ છે - ગતિ શક્તિ.

સપ્ત ધારાની પાંચમી શક્તિ છે – સંરક્ષણ શક્તિ.

સપ્ત ધારાની છઠ્ઠી શક્તિ છે - ગ્રીન ઈકોનોમી, બ્લુ ઈકોનોમી.

સપ્ત ધારાની સાતમી શક્તિ છે - ભારતનો સોફ્ટ પાવર.

આ સપ્ત ધારાના માધ્યમથી ભારતે સંકલ્પ કર્યો છે કે છેલ્લા 5-7 દાયકામાં જે કામ નથી થયા, તેને આગામી 5-7 વર્ષોમાં આ નવી ધારા મારફતે પુરાં કરવાના છે. આ સપ્ત ધારાનું સામર્થ્ય રાષ્ટ્રના વિચાર અને દેશને નવી ઊંચાઈ, નવી ગતિ આપશે.

ચોક્કસપણે 80મો સ્વતંત્રતા દિવસ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું લાલ કિલ્લા પરથી સતત 13મું સંબોધન એ વાતનું ઉદાહરણ છે કે છેલ્લાં 12 વર્ષમાં ભવિષ્યના વિકસિત ભારતના સંકલ્પની સિદ્ધિની દિશામાં જે પગલાં લેવાયા છે, તે પરિવર્તનનું સાક્ષી બની રહેલું વર્તમાન, સ્વર્ણિમ ઈતિહાસ જરૂર લખશે.


**આવો જાણીએ 13 ક્ષેત્રોમાં પીએમ મોદીના સંબોધનનો મર્મ, જેણે વિકસિત ભારત તરફ આગળ વધી રહેલા રાષ્ટ્રને આપી છે નવી દિશા...**

## વંદે માતરમના 150 વર્ષ

# 80મો સ્વતંત્રતા દિવસ

*આઝાદી પછી પહેલીવાર લાલ કિલ્લા પર વંદે માતરમ્ ગુંજ્યું. પીએમ મોદીએ તેને વંદે માતરમની 150મી વર્ષગાંઠના ઐતિહાસિક અવસર સાથે જોડ્યું...*

- આજે આપણે સૌ 80મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યા છીએ, આજે દરેક હૃદયના ધબકારમાં વંદે માતરમનો નાદ ગુંજી રહ્યો છે
- આજે દરેક ઘરે તિરંગો લહેરાય છે, દરેક મનમાં તિરંગો વસે છે અને દેશ ઉત્સાહ ઉમંગ સાથે નવા સંકલ્પો અપનાવીને આગળ વધી રહ્યો છે.
- દેશ આજે એ મહાન સપૂતોનું પુણ્ય સ્મરણ કરે છે, જેમણે આઝાદી માટે ત્યાગ, બલિદાનની પરાકાષ્ઠા વટાવી.
- આઝાદી પછી 15 ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પર પહેલીવાર વંદે માતરમ્ ગુંજી રહ્યું છે. જ્યારે આપણે વંદે માતરમના 150 વર્ષ ઉજવી રહ્યા છીએ, તો આનાથી મોટો ઉત્તમ અવસર શું હોઈ શકે.
- છેલ્લા કેટલાક દિવસોમાં દેશના કેટલાક ભાગોમાં પૂરનો પ્રકોપ રહ્યો, ભૂસ્ખલનનો પ્રકોપ રહ્યો, અનેક પરિવાર પ્રભાવિત થયા, તેમના દુઃખ, દર્દને આપણે સારી રીતે અનુભવી શકીએ છીએ. પીડિત પરિવારને હું વિશ્વાસ અપાવું છું કે અમે અને સમગ્ર દેશ તેમની સાથે ઉભો છે.



**"આજે આપણે સૌ 80મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યા છીએ. આજે દરેક દિલની ધડકનમાં વંદે માતરમનો નાદ ગુંજી રહ્યો છે. આજે દરેક ઘરે તિરંગો લહેરાય છે, દરેક મનમાં તિરંગો વસે છે અને દેશ ઉત્સાહને ઉમંગ સાથે નવા સંકલ્પો અપનાવીને આગળ વધી રહ્યો છે."**

*(સ્વતંત્રતા દિવસ 2026 ના રોજ લાલ કિલ્લાની પ્રાચીરથી અપાયેલા ભાષણના અંશ)*

# વિકસિત ભારત @2047નો સંકલ્પ

**2047માં આઝાદીને 100 વર્ષ પૂર્ણ થવા પર વિકસિત ભારત બનાવવાના સંકલ્પને પીએમ મોદીએ 140 કરોડ દેશવાસીઓના પુરુષાર્થ સાથે જોડ્યો...**

- કોઈપણ રાષ્ટ્ર ત્યારે મહાન બને છે, સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, જ્યારે તે પોતાના સપના, સંકલ્પો અને સામર્થ્યના જોરે આગળ વધે છે.
- હવે નાના સપનાઓથી નહીં ચાલે, મોટા સપનાઓ આપણા વિચારોનો પણ વિસ્તાર કરે છે. જ્યારે સંકલ્પ દ્રઢ હોય છે, તો મુશ્કેલીઓ-સમસ્યાઓ વચ્ચે રસ્તો કાઢવાનું સામર્થ્ય જાતે જ ઉભરી આવે છે.
- આપણા સંકલ્પો પણ ઊંચા હોવા જોઈએ, જ્યારે સપના ઊંચા હોય છે, સંકલ્પો ઉંચા હોય છે, ત્યારે આપણી ક્ષમતાઓની ઊંચાઈ પણ વધે છે અને માત્ર ત્યારે જ આપણે સપનાઓને સાકાર કરી શકીએ છીએ.
- દેશ ઘણા બધા સપના લઈને આઝાદ થયો, પણ આપણે વેગ ન પકડી શક્યા, રફ્તાર ના પકડી શક્યા, થાય છે, ચાલશે, થઈ જશે, જોયું જશે એમાં જ ખોવાયેલા રહ્યા. 2014 સુધી પહોંચતા સમગ્ર વિશ્વએ આપણને ફ્રેજાઈલ ફાઈવમાં ડમ્પ કરી દીધા હતા.
- 2047માં જ્યારે આઝાદીને 100 વર્ષ થશે, આપણે વિકસિત ભારત બનાવીને રહીશું, 140 કરોડ દેશવાસીઓના પુરુષાર્થથી આ લક્ષ્યને હાંસલ કરવાનું છે.
- છેલ્લા 12 વર્ષમાં સમાજના દરેક વર્ગે સંકલ્પ, સમર્પણ સાથે દેશને નવી ઊંચાઈ ઉપર લઈ જવાનો પ્રયાસ કર્યો. 25 કરોડ દેશવાસી ગરીબીને હરાવીને ગરીબીમાંથી બહાર નીકળ્યા.
- આપણી ગણતરી ફ્રેજાઈલ ફાઈવમાં થતી હતી 12 વર્ષની અંદર મેજર ઈકોનોમીમાં ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી બની ગયા છીએ.
- 2047માં આપણે વિકસિત ભારત બનાવીને રહીશું. 140 કરોડ દેશવાસીઓના પુરુષાર્થ સાથે આ લક્ષ્યને હાંસલ કરવાનું છે.

**"હવે અમે એક ન્યુ નોર્મલ સ્થાપિત કર્યું છે, આતંકને અને આતંકીઓને આશ્રય આપનારા અને આતંકીઓને સશક્ત બનાવનારાઓને હવે અમે જુદા જુદા નહીં ગણીએ."**

*(સ્વતંત્રતા દિવસ 2025માં લાલ કિલ્લાની પ્રાચીરથી અપાયેલા ભાષણના અંશ)*



સ્વતંત્રતા દિવસ 2025ની તસવીર

# સમાવેશી વિકાસના 12 વર્ષ

# સ્પીડ-સ્કેલનો પર્યાય

*પ્રધાનમંત્રી મોદીએ છેલ્લા 12 વર્ષોમાં મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ અને સામાન્ય નાગરિકોની સુવિધામાં થયેલી પ્રગતિના એ આંકડા ગણાવ્યા જે બની ગયા છે નવા ભારતની ગતિ અને પ્રગતિનો આધાર.....*

- છેલ્લા બાર વર્ષમાં ડિફેન્સ પ્રોડક્શન લગભગ ચાર ગણું થયું
- ખાદી અને ગ્રામ ઉદ્યોગનું ઉત્પાદન લગભગ પાંચ ગણું, ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ લગભગ સાત ગણું વધ્યું.
- આધુનિક રેલવે કોચનું નિર્માણ 21 ગણું, મોબાઈલ ફોન ઉત્પાદન 35 ગણું વધ્યું.
- ઈન્ટરનેટ યુઝર લગભગ ચાર ગણા વધ્યા, પેટન્ટ ગ્રાન્ટ થવાની સંખ્યા 4 ગણી વધી, ડિજિટલ ટ્રાન્ઝેક્શન 100 ગણું વધ્યું.
- દર વર્ષે સરેરાશ 15 ગણાથી વધુ ઝડપથી નળથી જળ, છ ગણી ઝડપથી ગેસ કનેક્શન અપાયા.
- ચાર ગણી ઝડપે ગરીબોના શૌચાલય, ત્રણ ગણી ઝડપે ગરીબોને ઘર આપવાનું કામ કરાયું.
- હજારો અનુપાલન અને સેંકડો જુના કાયદા નાબૂદ કરાયા.
- પાછલી શતાબ્દીના કાયદા સાથે 21મી સદીની યાત્રા ન થઈ શકે.
- અમે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મેટ્રોનો વિસ્તાર કર્યો છે, અમે જાહેર પરિવહનને તાકાત આપી.
- જે સ્પીડ અને સ્કેલ પર કામ કર્યું, તે ઝડપ, તે વિસ્તાર, આ સફળતા આઝાદી પછી પહેલીવાર છેલ્લા દાયકામાં જોવા મળી
- જ્યારે આટલી બધી સિદ્ધિઓ આપણી સામે હોય, આટલી ઝડપી ગતિ દેખાતી હોય, દેશવાસીઓનું સામર્થ્ય પળે-પળે પ્રબળ થતું હોય, ત્યારે 2047માં વિકસિત ભારત બનવાનો સંકલ્પ ક્યારે અધુરો ન રહી શકે.



સ્વતંત્રતા દિવસ 2024ની તસવીર

**"અમારો એક જ સંકલ્પ છે- રાષ્ટ્ર પ્રથમ - રાષ્ટ્રહિત સર્વોપરી. આપણું આ ભારત મહાન બને આ સંકલ્પ સાથે અમે પગલાં લઈએ છીએ."**

*(સ્વતંત્રતા દિવસ 2024ના રોજ લાલ કિલ્લાની પ્રાચીરથી અપાયેલા ભાષણના અંશ)*

# આત્મનિર્ભર ભારતઃ સેમિકન્ડક્ટર અને ક્રિટિકલ મિનરલ

*આત્મનિર્ભરતાને પોતાના દ્રઢ વિશ્વાસ અને આસ્થા ગણાવતા પીએમ મોદીએ સેમિકન્ડક્ટર અને ક્રિટિકલ મિનરલમાં ભારતની નવી શક્તિને રેખાંકિત કરી...*

- આત્મનિર્ભરતા માટે આત્મવિશ્વાસઃ છેલ્લા કેટલાક વર્ષોમાં અમારો દ્રઢ વિશ્વાસ રહ્યો છે કે ભારત હવે બીજા દેશો પર નિર્ભર રહી જીવવા નથી માંગતો, આપણે આત્મ નિર્ભર બનવાનું છે.
- વિશ્વમાં સસ્તુ મળે છે, જલ્દી મળી શકે છે, પરંતુ તેનાથી આપણું સામર્થ્ય તૈયાર નથી થતું, ના આપણા સામર્થ્યની કસોટી થાય છે માટે આપણે આપણી ક્ષમતાઓને વધારવાની છે, આપણા હિતોની સુરક્ષા કરવાની છે.
- આત્માનિર્ભરતાનો સંકલ્પ લઈ આપણે ખૂબ દ્રઢતાથી આગળ વધી રહ્યા છીએ. મેક ઈન ઈન્ડિયા, સ્વદેશી, વોકલ ફોર લોકલ, આ બધા ક્ષેત્રોમાં આજે દરેક ભારતીયનું મન જોડાઈ રહ્યું છે.
- ઈલેક્ટ્રોનિક ગુડ્સ, મેડિકલ ઈક્વિપમેન્ટ, દરેકમાં ચીપ અનિવાર્ય છે.
- હવે ભારતમાં ત્રણ સેમી કંડકટર પ્લાન્ટ શરૂ થઈ ચૂક્યા છે, ત્યાંથી ઉત્પાદનો એક્સપોર્ટ થવાના પણ શરૂ થઈ ચૂક્યા છે.
- આગામી સાત-આઠ વર્ષોમાં લગભગ 8 સેમી કંડકટર પ્લાન્ટ શરૂ થવાના છે. આ આત્મનિર્ભર ભારત આપણને વિકસિત ભારતની દિશામાં જવાનો માર્ગ આપે છે.
- નેશનલ ક્રિટિકલ મિનરલ્સ મિશન લોન્ચ કરાયું, બજેટમાં ક્રિટિકલ મિનરલ્સ કોરિડોરની ઘોષણા કરાઈ. ઘણા દેશો સાથે એગ્રીમેન્ટ થઈ રહ્યા છે, દુનિયાના ઘણા દેશ ક્રિટિકલ મિનરલ્સની દિશામાં ભારત પર વિશ્વાસ કરવા લાગ્યા છે.

**"ગુલામીની માનસિકતાથી બહાર આવીને, 'પંચપ્રણ' ને સમર્પિત થઈને, દેશ આજે એક નવા આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યો છે, નવા સંકલ્પોને સિદ્ધ કરવા માટે સમગ્ર તાકાતથી પ્રયાસ કરી રહ્યો છે."**

*(સ્વતંત્રતા દિવસ 2023 માં લાલ કિલ્લાની પ્રાચીરથી અપાયેલા ભાષણના અંશ)*




સ્વતંત્રતા દિવસ 2023ની તસવીર

# ઊર્જા સુરક્ષાઃ પરમાણુ ઊર્જાથી લઈને સૌર ક્રાંતિ સુધી

*ઊર્જા સુરક્ષાને સમયની માંગ ગણાવતા પીએમ મોદીએ પરમાણુ, સૌર, વાયુ અને હાઈડ્રોજન ઊર્જામાં ભારતની સિદ્ધિઓ અને ભવિષ્યના સંકલ્પનો કર્યો પુનરોચ્ચાર........*

- ચીપ હોય, એઆઈ હોય, ડેટા સેન્ટર હોય, દેશમાં મોટી માત્રામાં વીજળીની જરૂર પડશે. માટે આ દિશામાં એક પછી એક મજબૂત પગલાં લેવાયા છે
- સંસદમાં શાંતિ એક્ટ પસાર કરીને 2047 સુધીમાં 100 ગીગા વોટ ન્યુક્લિયર પાવરનો લક્ષ્યાંક નક્કી કર્યો છે
- આ દાયકામાં પાંચ નવા ન્યુક્લિયર રિએક્ટર શરૂ કરવાનો લક્ષ્ય રખાયું છે. આ વર્ષે ભારતે ફાસ્ટ બ્રિડર ન્યુક્લિયર ટેકનોલોજીમાં નિપુણતા હાંસલ કરી
- 99 ટકા સમુદ્રી તટો નો-ગો એરીયા જાહેર કરાયા હતા અમે નિર્ણય કર્યો કે આ ચલાવી શકાય નહીં
- હવે તે નો-ગો એરીયાને ગો-અહેડ એરિયારૂપે ખુલ્લા મુકાયા છે. સમુદ્ર મંથન માટે
- 25,000 કરોડ રૂપિયા ફાળવવાના કામને વેગ આપવાનો નિર્ણય કરાયો છે
- 2014 પહેલા 70 શહેરોમાં પાઈપ ગેસની વ્યવસ્થા હતી છેલ્લા 12 વર્ષમાં 700 શહેરો સુધી આ વ્યવસ્થા પહોંચાડવામાં આવી.
- 2014 પહેલા 20 થી 22 લાખ ઘરમાં પાઈપથી ગેસ પહોંચ્યો હતો. હવે 1.75 કરોડ ઘરોમાં આ સુવિધા ઉપલબ્ધ છે.
- 12 વર્ષ પહેલા સોલર એનર્જી કેપેસિટી ફક્ત બે ગીગા વોટ હતી. આજે 160 ગીગા વોટ ક્ષમતા પ્રાપ્ત કરાઈ છે.
- પીએમ સૂર્ય ઘરમાં મફત વીજળી યોજના દ્વારા 50 લાખ ઘરોમાં સોલર એનર્જીનું કામ પૂર્ણ થઈ ગયું છે. દરેક પરિવારને 80,000 રૂપિયાની મદદ કેન્દ્ર સરકાર આપી રહી છે.
- રેલવેનું ઈલેક્ટ્રીફિકેશન 90 વર્ષમાં 30 ટકા થયું હતું, અમે 10 વર્ષમાં 70 ટકા પૂર્ણ કર્યું. આને કહેવાય કામ.
- દેશમાં પહેલી હાઈડ્રોજન ટ્રેન શરૂ કરી, જે વિશ્વની સૌથી લાંબી અને સૌથી મજબૂત ટ્રેન છે.


સ્વતંત્રતા દિવસ 2022ની તસવીર

> **"અમે જે સંકલ્પ સાથે આ યાત્રા શરૂ કરી છે તે દુનિયા જોઈ રહી છે, અને આખરે વિશ્વ પણ આશા લઈને જીવી રહ્યું છે. આકાંક્ષાઓને પૂર્ણ કરવાની ક્ષમતા ખરેખર ક્યાં રહેલી છે તે તેને દેખાઈ રહ્યું છે."**
>
> *(સ્વતંત્રતા દિવસ 2022માં લાલ કિલ્લાની પ્રાચીરથી અપાયેલા ભાષણના અંશ)*

# નાગરિક દેવો ભવ:


# વૈશ્વિક સંકટો વચ્ચે સમર્થ ભારત

*કોરોના મહામારીથી લઈ પશ્ચિમ એશિયાના સંકટ સુધી પીએમ મોદીએ જણાવ્યું કે કેવી રીતે ભારતની સુઆયોજિત યોજનાઓએ 12 વર્ષમાં રાષ્ટ્રને સક્ષમ અને સમર્થ રાખ્યું....*

- કોરોના જેવી મહામારીએ સમગ્ર વિશ્વને ચિંતામાં મૂક્યું હતું, કોરોનાથી બહાર નીકળ્યાં બાદ યુદ્ધની ભયાનકતાએ આર્થિક મુશ્કેલીઓ ઊભી કરી.
- યુક્રેન-પશ્ચિમ એશિયા યુદ્ધના કારણે તણાવ, પેટ્રોલ-ડીઝલ ફર્ટિલાઈઝર નહીં મળે તેવી અફવાઓ ફેલાઈ હતી.
- દેશે જોયું છે કે છેલ્લા 10-12 વર્ષની યોજનાઓ રંગ લાવી રહી છે, આજે દેશમાં ગેસ પણ છે, પેટ્રોલ પણ છે, યુરિયા પણ છે.
- આટલું મોટું સંકટ છતાં ભારતે જે તૈયારીઓ કરી હતી, સંકટ સમયે તે તમામ વસ્તુઓ કામમાં લાગી.
- યુરિયાની કિંમત વિશ્વમાં ₹3,000 પ્રતિ થેલી પહોંચી ગઈ, છતાં અમે ખેડૂતોને ફક્ત ₹300 માં આપતા રહ્યા.
- ડીએપી આજે દુનિયામાં ₹5,000 પહોંચી ગયું છે અમે આપણા ખેડૂતોને ₹1,350 માં આપી રહ્યા છીએ.
- કેટલાક લોકો સંસાધનો - પેટ્રોલ, ડીઝલ, ફર્ટિલાઈઝર, દવાઓ, ચિપ્સ અને જમીનનું પણ શસ્ત્રીકરણ કરવાની રમત રમ્યા.
- જો 10 વર્ષ આત્મનિર્ભરતાના મંત્ર પર સાચી દિશામાં ના ચાલ્યા હોત, તો આપણે કલ્પના કરી શકીએ છીએ કે આ પડકારોનો મુકાબલો કેવી રીતે કરી શક્યા હોત.
- જ્યારે દેશ આત્મનિર્ભરતાની વાત કરી રહ્યો હતો, તો એર કન્ડિશન ચેમ્બરમાં બેઠેલા લોકો જણાવી રહ્યા હતા કે ગ્લોબલાઈઝેશનનું શું થશે.
- પરંતુ વિશ્વ જોઈ રહ્યું છે કે છેલ્લા એક દશકમાં એવું લાગે છે કે દુનિયાએ ગ્લોબલાઈઝેશન વિશે વાત કરવાનું બંધ કરી દીધું છે, ગ્લોબલાઈઝેશનનો જે અવાજ આવતો હતો તે હવે બંધ થઈ ગયો છે.

**"આપણે કોઈથી પણ પાછળ ન રહીએ એ જ કરોડો દેશવાસીઓનો સંકલ્પ છે. પરંતુ સંકલ્પ ત્યાં સુધી અધૂરો હોય છે જ્યાં સુધી સંકલ્પ સાથે પરાક્રમ અને પરિશ્રમની પરાકાષ્ઠા ન હોય."**

*(સ્વતંત્રતા દિવસ 2021માં લાલ કિલ્લાની પ્રાચીરથી અપાયેલા ભાષણના અંશ)*




સ્વતંત્રતા દિવસ 2021ની તસવીર

# વિકાસની નવી સપ્ત ધારાથી દેશમાં
# નવી ઊંચાઇ, નવી ગતિનો સંચાર

*પીએમ મોદીએ લાલ કિલ્લાથી દેશ સમક્ષ શક્તિની નવી સપ્ત ધારાનું આહવાન કર્યું, જે આગામી 5-7 વર્ષોમાં ભારતને વિકસિત રાષ્ટ્રના લક્ષ્યો પૂર્ણ કરવાનું આપશે સામર્થ્ય...*

- સદીનો એક ચતુર્થાંશ હિસ્સો વિતી ચુક્યો છે, આગામી એક ચતુર્થાંશ સમય આપણી માટે અત્યંત મહત્વપૂર્ણ છે, આપણી ગતિ રોકાઈ શકતી નથી. આપણી દિશા નક્કી છે, તેને પ્રાપ્ત કરવાનું છે.
- આપણે આપણું વર્ક કલ્ચર બદલવું પડશે, આપણી વિચારસરણી પણ બદલવી પડશે, આપણી કામની ગતિને પણ બદલવી પડશે.
- જે કામ છેલ્લા 5-7 દાયકામાં નથી થયા, એ કામ આપણે આગામી 5-7 વર્ષોમાં કરવાના છે મને વિશ્વાસ છે યુવા શક્તિ, નારી શક્તિ, ખેડૂત, શ્રમિક આ સપનાને સાકાર કરી શકે છે.
- રિફોર્મ આપણી માટે ન તો કમ્પલ્શન છે, ન તો બઝવર્ડ, સુધારા એક પ્રતીતિ છે, આ પ્રતીતિ સાથે આપણે રીફોર્મ એક્સપ્રેસ પર ચડી ચૂક્યા છીએ.
- જે યુગમાં ભારતનું સામર્થ્ય સપ્ત સિંધુ રૂપે ઓળખાતું હતું, વિકસિત ભારત બનાવવા માટે આપણને નવી ધારાની જરૂર છે. હું લાલ કિલ્લાથી શક્તિની આ સપ્ત ધારાનું આહવાન કરૂં છું.
- સપ્ત ધારાની આ સાત શક્તિઓ માત્ર એક સેક્ટરમાં પ્રગતિ માટે નથી, એક સમાવેશી અભિગમ સાથે રાષ્ટ્રના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે છે.
- દેશ એટલે ફક્ત સરકાર નથી હોતો, દેશ દરેક નાગરિકનો બનેલો હોય છે, આગામી એક દશકમાં Fortune 500માં 50 કંપનીઓ ભારતની કેમ ન હોય.
- દુનિયાની ટોચની 5 બેંકોમાં ભારતની પણ એક બેંક હોય, ટોચની 5 ફાર્મા કંપનીઓમાં ભારતની પણ 1-2 કંપનીઓનું નામ ગુંજે.
- લો ફર્મ્સ, રેટિંગ એજન્સી, કન્સલ્ટિંગ-એકાઉન્ટિંગ ફર્મ્સ અને ટેકનોલોજી કંપનીમાં ભારતની ગ્લોબલ લીડરશીપ હોય, એવી બ્રાન્ડ બનીએ જેનાથી વિશ્વ આકર્ષિત થાય.



સ્વતંત્રતા દિવસ 2020ની તસવીર

**"કોરોના વૈશ્વિક રોગચાળા વચ્ચે 130 કરોડ ભારતીયોએ સંકલ્પ કર્યો- સંકલ્પ આત્મ નિર્ભર બનવાનો....અને આત્મનિર્ભર ભારત આજે દરેક ભારતીયના મન-મસ્તિષ્ક પર છવાયેલું છે."**

*(સ્વતંત્રતા દિવસ 2020માં લાલ કિલ્લાથી અપાયેલા ભાષણના અંશ)*

# સપ્ત ધારા...



## પ્રથમ શક્તિ

**મેન્યુફેક્ચરિંગ પાવરઃ** કોસ્ટ, ક્વોલિટી અને સ્કેલમાં વૈશ્વિક માપદંડો પર ખરા ઉતરવાનું છે, આપણો મંત્ર- ક્વૉલિટી, ક્વૉલિટી, ક્વોલિટી જ હોવો જોઈએ. આપણું ઝીરો ડિફેક્ટ સચોટ મેન્યુફેક્ચરિંગ આપણી ઓળખ બનવી જોઈએ.

## બીજી શક્તિ

**કૃષિ અને ફૂડ પ્રોસેસિંગઃ** ખેતરથી એક્સપોર્ટ માર્કેટ સુધી, મિલેટ્સ-મસાલા-ફળ-ફૂલ ગ્લોબલ બ્રાન્ડ બને.

## ત્રીજી શક્તિ

**ટેકનોલોજી અને ઈનોવેશનઃ** દેશને ઈનોવેશન હબ બનાવવાનું છે, ભારતે નેક્સ્ટ જનરેશન કમ્યુનિકેશન ટેકનોલોજીમાં નેતૃત્વ કરવાનું છે. મેડ ઈન ઈન્ડિયા 6G દરેક ખૂણે પહોંચે.

## ચોથી શક્તિ

**ગતિ શક્તિઃ** દેશમાં સીમલેસ ફાસ્ટ કનેક્ટિવિટી પર આપણે ભાર મૂકવો પડશે. હાઈસ્પીડ રેલ, મોડર્ન હાઈવે, ઈનલેન્ડ વોટરવેઝ, એરપોર્ટ, પોર્ટ આધારિત ડેવલપમેન્ટ ગ્રોથની દિશામાં આગળ વધવું પડશે.

## પાંચમી શક્તિ

**સંરક્ષણ શક્તિઃ** ડિફેન્સમાં આત્મનિર્ભર થવું, હવે ભારતે અનુભવી લીધું છે, દુનિયાએ અનુભવ કરી લીધો છે, આના સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આના માટે નેક્સ્ટ જનરેશન ડિફેન્સ ટેકનોલોજી, ડ્રોન, કાઉન્ટર ડ્રોન, હાઈપર સોનિક ડિફેન્સમાં લીડરશીપ લેવી પડશે.

## છઠ્ઠી શક્તિ

**ગ્રીન ઈકોનોમી અને બ્લુ ઈકોનોમીઃ** ગ્રીન હાઈડ્રોજન, રીન્યુએબલ એનર્જી, ફિશરીઝ, કોસ્ટલ ટુરિઝમ. આપણે વૈશ્વિક સ્તરે ગ્રીન હાઈડ્રોજન, રીન્યુએબલ એનર્જી, એનર્જી સ્ટોરેજ, ગ્રીન મોબિલિટી, ગ્રીન મેન્યુફેક્ચરિંગને વૈશ્વિક સ્તરે પ્રાપ્ત કરવું પડશે. બ્લુ ઈકોનોમી માટે પણ ખૂબ મોટી તકો છે, ખૂબ લાંબો દરિયા કિનારો છે, જેમાં આપણે આગળ વધી શકીએ છીએ.


## સાતમી શક્તિ

**ભારતનો સોફ્ટ પાવરઃ** યોગ, આયુર્વેદ, હિલ ઈન ઈન્ડિયા, ફિલ્મ, એનિમેશન, ગેમિંગ, WAVES સમિટ. ભારતના સોફ્ટ પાવરની તાકાત છે. આજે યોગે સમગ્ર વિશ્વને ભારત સાથે જોડ્યું છે.

# વૈશ્વિક વેપાર અને ભારતની શાખ

*ભારતની સ્થિર સરકાર અને વાઈબ્રન્ટ લોકશાહીને વિશ્વ હવે ઓળખવા લાગ્યું છે, પીએમ મોદીએ મુક્ત વેપાર કરાર (એફટીએ) દ્વારા એમએસએમઈ અને નિકાસની નવી સંભાવનાઓ પર ભાર મૂક્યો....*

- આજે ભારતની છબી નોંધપાત્ર રીતે વધી રહી છે. ભારત દુનિયા માટે સ્વીકૃત અને આદરણીય દેશ બની રહ્યો છે.
- 2014 પછી વિશ્વના લગભગ 40 દેશો સાથે મુક્ત વ્યાપાર કરાર થઈ રહ્યો છે, જે ખૂબ મોટો અવસર છે.
- MSME એ આ તક છોડવી જોઈએ નહીં, દુનિયામાં આપણે ટેક્સટાઈલ, મશીનરી, દવાઓ પહોંચ વધારવાની છે, જે વૈશ્વિક પેરામીટર છે, આપણે પેરામીટરને પાર કરવા પડશે. હાલમાં વિશ્વભરમાં ઉપલબ્ધ છે તેના કરતાં શ્રેષ્ઠ અને સસ્તા ઉત્પાદનો આપવા પડશે.
- ભારતમાં ઉત્પાદિત દરેક વસ્તુ વૈશ્વિક બજારમાં પહોંચે. ભલે તે આપણું ટેક્સટાઈલ હોય, આપણી મશીનરી હોય કે દવાઓ હોય, આપણે તક છોડવાની નથી.
- લુધિયાણાથી તિરૂપુર સુધી આપણું ટેક્સટાઈલ સેક્ટર વિશ્વભરમાં પહોંચી શકે છે.
- કેરલમથી લઈ ગુજરાત અને તમિલનાડુથી લઈ બંગાળ, આપણો આ દરિયા કિનારો, આપણા માછીમાર ભાઈ-બહેનો આજે આ FTA ના કારણે શ્રિંપ એટલે કે ઝીંગા, એક્સપોર્ટની શક્યતાઓ ખૂબ વધી છે.
- સી ફૂડની દુનિયામાં ઓળખ બનાવવાની સંભાવના વધી છે. માટે હું ઈચ્છું છું કે આપણે આ સ્થિતિનો ફાયદો ઉઠાવતા આગળ વધતા આ કામોને પૂર્ણ કરવાનો પ્રયાસ કરીએ.
- ભારત પાસે સ્થિર સરકાર છે, ભારત પાસે વાઈબ્રન્ટ લોકશાહી છે, ભારતનું ન્યાયતંત્ર મજબૂત છે. આપણને સૌને માર્ગદર્શન આપતું ભારતનું બંધારણ છે અને હવે વિશ્વ આપણા આ સામર્થ્યને ઓળખવા લાગ્યું છે.



સ્વતંત્રતા દિવસ 2019ની તસવીર

**"હું ગર્વ સાથે આ કહું છું કે આજે દરેક ભારતીય એક રાષ્ટ્ર, એક બંધારણની વાત કરી શકે છે- અને અમે સરદાર પટેલના એક ભારત-શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સમર્પિત છીએ."**

*(સ્વતંત્રતા દિવસ 2019માં લાલ કિલ્લા પરથી અપાયેલા ભાષણના અંશ)*


# યુવા શક્તિ અને ડિજિટલ ક્રાંતિ

*સ્ટાર્ટઅપ ઈન્ડિયાથી લઈ એઆઈ સ્કીલિંગ સુધી, પ્રધાનમંત્રી મોદીએ લાલ કિલ્લા પરથી યુવાઓને વિકસિત ભારતની સૌથી મોટી શક્તિ અને સૌથી મોટા લાભાર્થી ગણાવ્યા...*

- વિકસિત ભારતની યાત્રામાં યુવાઓની ભૂમિકા ખૂબ મોટી છે, વિકસિત ભારતના સૌથી મોટા લાભાર્થીઓ પણ દેશના યુવાઓ છે.
- યુવાઓ માટે ફ્રી કોચિંગ વ્યવસ્થા અને તેના માટે એક સંપૂર્ણ નેટવર્ક તૈયાર કરાઈ રહ્યું છે.
- સ્ટાર્ટ અપ ઈન્ડિયા અભિયાનમાં અઢી લાખથી વધુ રજીસ્ટર્ડ સ્ટાર્ટઅપ છે. 1 લાખ કરોડ રૂપિયાનું ઈનોવેશન ફંડ ભારત સરકારે જાહેર કર્યું છે.
- ભારતના પ્રાઈવેટ સ્ટાર્ટઅપના નવયુવાનોએ દુનિયામાં પ્રથમ ટ્રાયલમાં જ પોતાનું સેટેલાઈટ અને રોકેટ લોન્ચ કરી દીધું છે.
- પ્રધાનમંત્રીએ જાહેરાત તરીકે આગામી એક વર્ષમાં એક કરોડ યુવાઓને એઆઈ સ્કિલ માટે તાલીમ આપવામાં આવશે.
- 2004 - 2014માં 350થી ઓછી યુનિવર્સિટી હતી, આજે 650 નવી યુનિવર્સિટીઓ જોડાઈને આ આંકડો લગભગ 1,000 પર પહોંચ્યો છે.
- 2014 પહેલા 400 મેડિકલ કોલેજ હતી, હવે તે 850 થઈ ગઈ છે. વિદેશી યુનિવર્સિટીઓ પણ ભારતની ધરતી પર આવી રહી છે.
- 10,000થી વધુ અટલ ટિંકરીંગ લેબ બાળકોને સમર્પિત કરવામાં આવી છે, જેથી ઈનોવેશન ટેકનોલોજીમાં તેમને રસ જાગે.
- 2014 પહેલા બાયો ઈકોનોમીનો વેપાર 60 હજાર કરોડ રૂપિયા હતો, જે આજે 20 લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે.
- 2009-10માં દોઢ લાખ ઈલેક્ટ્રિક વ્હીકલ વેચાયા હતા. આ વર્ષે 25 લાખ ઈલેક્ટ્રીક વ્હીકલ વેચાયા.
- મેડ ઈન ઈન્ડિયા વિમાન બનાવવાની દિશામાં સફળતા મળી છે, મેડ ઈન ઈન્ડિયા ડિફેન્સ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ C295 સફળ ઉડાન ભરી ચૂક્યું છે.
- ડ્રોનથી સ્વામિત્વ યોજના ગામડાઓમાં સફળ રહી છે, લગભગ સવા ત્રણ કરોડ પરિવારોને તેનો લાભ મળ્યો છે.

**"એક સમય હતો જ્યારે દુનિયા ભારતની economy ને, risk તરીકે જોતી હતી. આજે એ જ લોકો એ જ સંસ્થાઓ, ખૂબ વિશ્વાસ સાથે કહે છે કે reform momentum, fundamental ને મજબૂતી આપી રહ્યા છે."**

*(સ્વતંત્રતા દિવસ 2018માં લાલ કિલ્લા પરથી અપાયેલા ભાષણના અંશ)*



સ્વતંત્રતા દિવસ 2018ની તસવીર

# રમતગમતથી ખીલતું ભારત


# નશામુક્ત ભારત

*પ્રધાનમંત્રી મોદીએ 2036 ઓલમ્પિક અને 2030 કોમનવેલ્થ ગેમ્સની તૈયારીની સાથે સાથે યુવાઓને નશાથી દૂર રહેવા આહવાન કર્યું.....*

- જે રમ્યા તે ખીલ્યા, હવે રમત ગમત પોડિયમમાં ભારતનું રાષ્ટ્રગીત સંભળાય છે, તિરંગો લહેરાય છે.
- ટોપ્સ યોજના, ખેલો ઈન્ડિયા ગેમ્સ, યુનિવર્સિટી ગેમ્સ, વિન્ટર ગેમ્સ, બીચ ગેમ્સ, સ્પોટ્ર્સ માટે કોચિંગ, સ્પોટ્ર્સ મેડિસિન, સ્પોટ્ર્સ માટે ન્યુટ્રિશન આ તમામ વિષયોમાં ભારત હવે નિપુણતા હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે.
- 2036માં ઓલમ્પિકના મજબૂત દાવેદાર બની આગળ વધી રહ્યા છીએ, 2030માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરીશું.
- જો આપણને 2036 માટે રમતવીરો જોઈતા હોય તો આજે 5 થી 15 વર્ષની વયના બાળકોમાં રમતગમતની પ્રતિભા ઓળખવા માટે ગામડાઓ અને શાળાઓમાં ટેલેન્ટ હંટ અભિયાન ચાલશે.
- ઓલમ્પિકની લગભગ 325-350 સ્પર્ધાઓમાંથી બે તૃતીયાંશ રમતોમાં ભારત ભાગ પણ લેતું નથી, ભારત હવે તેના પર ભાર મૂકશે અને તેની માટે અમે એક ટેલેન્ટ હંટ અભિયાન પણ ચલાવવા માંગીએ છીએ.
- નશો એક ખૂબ મોટું સંકટ બની રહ્યો છે, નશામુક્ત ભારત આપણા સૌની સામૂહિક જવાબદારી છે.
- દેશના સામાજિક સાંસ્કૃતિક સંગઠનો અને દેશના આધ્યાત્મિક અગ્રણીઓ નશામુક્ત ભારત માટે 100 અઠવાડિયાનો એક કાર્યક્રમ શરૂ કરવા એકઠા થયા છે. 100 અઠવાડિયા સુધી એક અભિયાન ચાલશે. હું દરેક પરિવારને કહેવા ઈચ્છું છું કે તમે પણ આ અભિયાનનો ભાગ બનો.

"જ્યારે કુરુક્ષેત્રમાં યુદ્ધના મેદાનમાં અર્જુને શ્રીકૃષ્ણને અનેક સવાલ પૂછ્યા ત્યારે કૃષ્ણએ અર્જુનને કહ્યું હતું જેવો મનનો ભાવ હોય છે, કાર્યનું પરિણામ તેને અનુરૂપ હોય છે."

*(સ્વતંત્રતા દિવસ 2017માં લાલ કિલ્લા પરથી અપાયેલા ભાષણના અંશ)*



સ્વતંત્રતા દિવસ 2017ની તસવીર

## નક્સલવાદનો અંત


# માનસિક નક્સલતાનો નવો પડકાર

**પ્રધાનમંત્રી મોદીએ ચાર દાયકા જુના નક્સલવાદની નાબુદીની સફળતાની સાથે સાથે માનસિક નક્સલતાને ઓળખવા અને તેને આઈસોલેટ કરવા કર્યું આહવાન....**

- નક્સલવાદે, માઓવાદે લાખો યુવાઓનું ભવિષ્ય બરબાદ કર્યું છે. ચાર દાયકા સુધી મોટી વસતિને બંદૂકની અણીએ દબાવીને રાખવામાં આવી. દેશના સામાન્ય નાગરિકોની રક્ષામાં 3,500થી વધુ પોલીસ સુરક્ષા દળના જવાનો શહીદ થયા.
- 2014માં મોકો મળતા જ સંકલ્પ કર્યો હતો કે દેશને નક્સલવાદથી મુક્ત કરીશું. આજે નક્સલવાદી-માઓવાદી હિંસામાં અંતિમ શ્વાસ લેવાની પણ તાકાત નથી રહી.
- જ્યાં એક સમયે નક્સલવાદીઓની ગોળીઓ ચાલતી હતી, જ્યાં ક્યારેક ધરતી રક્ત રંજિત રહેતી હતી, આજે એ નક્સલ ક્ષેત્રોમાં નક્સલમુક્ત થવાને કારણે વિકાસ, વિશ્વાસ અને પ્રયાસનો તિરંગો લહેરાઈ રહ્યો છે.
- જંગલોમાં હથિયારધારી નક્સલીઓના સંકટથી દેશને મુક્ત કરાવવામાં સફળતા મળી છે. હથિયારધારી નક્સલીઓ તો ગયા પરંતુ માનસિક નક્સલીઓ મોકો શોધી રહ્યા છે.
- હિંસા, અરાજકતાના રસ્તા શોધી રહ્યા છે. સમાજને ખોટા માર્ગે લઈ જવા માટે ભિન્ન ભિન્ન દાવ ખેલી રહ્યા છે. આ માનસિક નક્સલીઓને ઓળખી તેમને આઈસોલેટ કરવા પડશે. વિકસિત રાષ્ટ્ર બનાવવાની મુખ્ય ધારા તરફ દેશની યુવા પેઢીને જોડવી પડશે.
- આ પડકારને ઓછો નથી આંકવાનો. આ પડકાર સામે વધુ સાવધ રહેવાની જરૂર છે. વર્ષો સુધી દેશની સત્તામાં માઓવાદી વિચારધારાવાળા વ્યક્તિઓએ સત્તાની ગલીઓમાં પોતાનું સ્થાન જમાવ્યું છે. સરકારી કમિટીઓમાં સલાહકાર તરીકે પણ આ માઓવાદી વિચારધારાએ નીતિઓને પ્રભાવિત કરી છે.

**"એ વાત સાચી છે કે દેશ સામે અનેક પડકારો છે પણ આપણે એ ન ભૂલવું જોઈએ કે પડકારો છે તો આ દેશ પાસે સામર્થ્ય પણ છે અને જ્યારે આપણે સામર્થ્યની શક્તિ લઈને ચાલીએ છીએ તો પડકારોના ઉકેલના રસ્તા પણ મળી જાય છે."**

*(સ્વતંત્રતા દિવસ 2016 માં લાલ કિલ્લા પરથી અપાયેલા ભાષણના અંશ)*




સ્વતંત્રતા દિવસ 2016ની તસવીર

# સુરક્ષિત, સમર્થ ભારતની સંરક્ષણ ક્રાંતિ

*બદલાતા યુદ્ધના સ્વરૂપ વચ્ચે પીએમ મોદીએ મિશન સુદર્શન ચક્ર, ડિફેન્સ એક્સપોર્ટ અને સિવિલ સંરક્ષણ ક્ષેત્રમાં આધુનિકીકરણની ઘોષણા કરી....*

- આજે યુદ્ધનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. હવે યુદ્ધ માત્ર સરહદ પર જ લડાય એની ગેરંટી નથી. આધુનિક યુદ્ધ, રિફાઈનરીઓ, બેન્કિંગ ક્ષેત્ર અથવા ડેટા સેન્ટરોને નિશાન બનાવી શકે છે. માળખાગત સુવિધાઓ અને કારખાનાઓનો નાશ કરાઈ રહ્યો છે.
- લાલ કિલ્લાથી જાહેરાત કરૂં છું કે અમે આગામી દિવસોમાં સિવિલ ડિફેન્સનું એક વાઈબ્રન્ટ નેટવર્ક ઊભું કરીશું. નાગરિકોને આધુનિક પ્રણાલીઓથી પરિચિત કરાવીશું.
- ડિફેન્સમાં આત્મનિર્ભર થવું અનિવાર્ય છે. નેક્સ્ટ જનરેશન ડિફેન્સ ટેકનોલોજી વિકસિત કરી વૈશ્વિક સપ્લાયર બનવાનું છે.
- આધુનિક સંકટોથી નાગરિકોની રક્ષા કરવા માટે શું વ્યવસ્થા થઈ શકે, અમે એક વિશાળ સ્વયંસેવક દળ બનાવવા જઈ રહ્યા છીએ, જે નાગરિક સંરક્ષણના આધુનિક પડકારોનો સામનો કરશે.
- ડ્રોન, કાઉન્ટર ડ્રોન સિસ્ટમ અને હાઈપરસોનિક ડિફેન્સ ટેકનોલોજીમાં લીડરશીપ લેવી પડશે. સાયબર સુરક્ષા પણ આજે દરેક ઘરની સમસ્યા બની રહી છે, યુવાઓના સામર્થ્યનો ઉપયોગ અહીં પણ કરવાનો છે.
- મિશન સુદર્શન ચક્ર પર ઝડપી કામ ચાલી રહ્યું છે. ડિફેન્સ એક્સપોર્ટ લગભગ 50 ગણું વધ્યું છે, લગભગ 100 દેશોમાં આપણા અસ્ત્ર શસ્ત્ર પહોંચી રહ્યા છે. વૈશ્વિક મંચ પર ભારતની પ્રતિષ્ઠા ધીરે ધીરે વધી રહી છે.



**"લોકશાહીમાં જનભાગીદારી સૌથી મોટી સંપત્તિ છે જો સવા સો કરોડ નાગરિકોની ભાગીદારીથી આપણે દેશને ચલાવીશું તો દેશ દરેક પળે સવા સો કરોડ કદમ આગળ વધશે અને માટે જ ટીમ ઈન્ડિયાના રૂપે જન ભાગીદારી પર ભાર મૂકવામાં આવ્યો છે."**

*(સ્વતંત્રતા દિવસ 2015માં લાલ કિલ્લા પરથી અપાયેલા ભાષણના અંશ)*

સ્વતંત્રતા દિવસ 2015ની તસવીર

# નારી શક્તિ, સામાજિક સુરક્ષા અને

# વસતિ ગણતરીનું આહવાન

*દીકરીઓની સિદ્ધિઓથી લઈ મહિલા અનામત અને વસતિ ગણતરીમાં ભાગીદારી સુધી, પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્ર નિર્માણમાં દરેક નાગરિકની ભાગીદારીનું કર્યું આહવાન...*

- ફાઈટર જેટ હોય કે સિવિલ એવિએશન, સ્ટેમ એજ્યુકેશન હોય કે સેના - આપણી દીકરીઓ દરેકમાં મોખરે છે.
- સાણંદના સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં દેશના અલગ અલગ ખૂણેથી આવેલી આદિવાસી દીકરીઓ કામ કરી રહી છે.
- જે ગામડાઓમાં દીકરીઓને પાસપોર્ટ શું હોય તે ખબર પણ ન હતી, તે દીકરીઓ વિદેશમાં તાલીમ મેળવીને આવી છે. આજે ચિપ નિર્માણનું કામ કરી રહી છે, તેમના આત્મવિશ્વાસથી હું ખૂબ પ્રભાવિત થયો છું.
- 3 કરોડ બહેનોને લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય પાર કરી લીધું છે, હવે 6 કરોડનું લક્ષ્ય છે.
- અમે સંસદમાં નારી શક્તિ વંદન અધિનિયમ પસાર કર્યું. શક્ય તેટલી વહેલી તકે આપણી માતા બહેનોને વિધાનસભા લોકસભામાં 33% પ્રતિનિધિત્વ મળવું જોઈએ અને ભારતની નીતિઓને આકાર આપવામાં તેમનું યોગદાન હોવું જોઈએ.
- 2014 પહેલા ફક્ત 25 કરોડ લોકો પાસે સોશિયલ સિક્યુરિટી કવર હતું, આજે 100 કરોડ લોકોને આ કવચ અપાયું છે.
- આયુષ્માન ભારતથી 70+ વર્ષના વડીલોને 5 લાખ સુધી મફત દવાની વ્યવસ્થા, બે લાખ કરોડ રૂપિયાની બચત થઈ.
- દેશમાં વસતિ ગણતરીનું કામ ચાલી રહ્યું છે, નાગરિકો હવે પોતાની જાણકારી મોબાઈલ ફોનથી ડિજિટલી ભરી શકે છે.
- લાલ કિલ્લાથી પંચ પ્રણની વાત કરી હતી. આ પંચ પ્રણે દેશને આત્મ ગૌરવ સાથે આગળ વધવા અને લક્ષ્ય પાર કરવાની ક્ષમતાને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે.
- સ્વયંથી ઉપર રાષ્ટ્રનું હિત હોય અને કર્તવ્ય જ આપણી ઓળખ હોય.

**"મારા દેશવાસીઓ મારા શબ્દો પર ભરોસો કરો, હું તમને ખાતરી આપું છું. ચાલો આપણે અત્યાર સુધી કરેલા પાપોને, એ રસ્તાઓને પાછળ છોડી દઈએ, સદભાવના, ભાઈચારાનો માર્ગ અપનાવીએ અને દેશને આગળ લઈ જવાનો સંકલ્પ કરીએ મને વિશ્વાસ છે કે આપણે તે કરી શકીશું."**

*(સ્વતંત્રતા દિવસ 2014માં લાલ કિલ્લા પરથી અપાયેલા ભાષણના અંશ)*




સ્વતંત્રતા દિવસ 2014ની તસવીર

**વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ**

# ભારતની એકતા, અખંડિતતા

## અને શાંતિ જાળવી રાખવાનો દ્રઢ સંકલ્પ

*દેશના ભાગલાનું દુઃખ ક્યારેય ભૂલી નહીં શકાય. નફરત અને હિંસાના કારણે લાખો લોકો વિસ્થાપિત થયા અને જીવ પણ ગુમાવ્યા. તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં 14 ઓગસ્ટને વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કરાયો હતો. વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ- આ દિવસ આપણને ભેદભાવ, દ્વેષ અને દુષ્ટતાના ઝેરને દૂર કરવાની પ્રેરણા આપે છે. આનાથી માનવીય સંવેદનાઓ પણ થાય છે મજબૂત..*




### દેશને સહન કરવો પડ્યો ભાગલાનો આઘાત

ભારતને 15 ઓગસ્ટ, 1947 માં બ્રિટિશ શાસનથી આઝાદી મળી. સ્વતંત્રતા દિવસ જે દર વર્ષે 15 ઓગસ્ટે ઉજવાય છે, કોઈપણ રાષ્ટ્ર માટે ખુશી અને ગર્વનો અવસર હોય છે. જોકે સ્વતંત્રતાની મીઠાશની સાથે સાથે દેશને ભાગલાનો આઘાત પણ સહન કરવો પડ્યો. નવા સ્વતંત્ર ભારતીય રાષ્ટ્રનો જન્મ, ભાગલાના હિંસક દર્દ સાથે થયો, જેણે લાખો ભારતીયો પર પીડાના કાયમી નિશાન છોડ્યા. ભાગલા, માનવ ઈતિહાસમાં સૌથી મોટા વિસ્થાપનો પૈકીનું એક છે, જેનાથી લગભગ 2 કરોડ લોકો પ્રભાવિત થયા. લાખો પરિવારોને તેમના પૂર્વજોના ગામડાઓ, નગરો અથવા શહેરો છોડીને શરણાર્થીરૂપે નવું જીવન શરૂ કરવા માટે મજબૂર થવું પડ્યું હતું.




## દેશવાસીઓને હૃદયપૂર્વક નમનઃ પીએમ મોદી



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ઉજવી રહ્યા છીએ. ભાગલાથી પ્રભાવિત તમામ લોકોના સાહસને આપણે યાદ કરીએ છીએ. ઈતિહાસની એક ક્ષણ ઘણી જિંદગીઓને બરબાદ કરનારી હતી. પરિવારો વિખેરાઈ ગયા, લોકોએ સ્વજનોને ગુમાવ્યા અને અસહ્ય પીડા સહન કરી. આ તમામ બાબતો પર વિજય પ્રાપ્ત કરી લોકોએ શૂન્યથી પોતાનું જીવન પુનઃસ્થાપિત કર્યું, વિપત્તિને સફળતામાં પરિવર્તિત કરી અને રાષ્ટ્રની પ્રગતિમાં અમૂલ્ય યોગદાન આપ્યું. તેમની જીવન યાત્રાઓ આપણને માનવીય જીજીવિષાની શક્તિની યાદ અપાવે છે. આશા છે કે આ દિવસ આપણા દેશમાં સદભાવ અને ભાઈચારો જાળવી રાખવાના આપણા સંકલ્પને વધુ મજબૂત કરશે. આપણે સૌ સાથે મળીને વિકસિત ભારતના નિર્માણની દિશામાં કાર્ય કરીશું. વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ પર એ તમામ દેશવાસીઓને હૃદયપૂર્વક નમન, જેમણે આ ભયાનક સમયથી બહાર નીકળી દેશની પ્રગતિમાં અમૂલ્ય યોગદાન આપ્યું. તેમણે પોતાના સાહસ અને સામર્થ્યથી બતાવ્યું કે કેવી રીતે વિપરીત પરિસ્થિતિઓમાં પણ સંકલ્પોને સિદ્ધ કરાય છે. આવો સદભાવના અને એકજૂટતાની રાષ્ટ્રીય ભાવનાને વધુ સશક્ત બનાવીએ.


### 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' બન્યું આપણું સર્વોચ્ચ ધ્યેયઃ અમિત શાહ

કેન્દ્રીય ગૃહ તથા સહકારીતા મંત્રી અમિત શાહે કહ્યું કે 14 ઓગસ્ટ 1947નો દિવસ ઈતિહાસના એ ક્રૂર અધ્યાયનો સાક્ષી છે, જેમાં અમાનવીય પીડા સહેતા લાખો લોકોને પોતાનું જીવન ગુમાવવું પડ્યું. કરોડો લોકોને ઘર સંપત્તિ તથા સ્વજનોને છોડી વિસ્થાપિત થવું પડ્યું. દેશના ભાગલાની આ પીડા ઈતિહાસ ક્યારેય ભૂલી નહીં શકે. આ વિભીષિકામાં પોતાના પ્રાણ ગુમાવનાર અને અત્યાચારો વિરૂદ્ધ સંઘર્ષ કરનાર તમામ લોકોને શ્રદ્ધાપૂર્વક નમન કરૂં છું. મોદી સરકાર વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસના માધ્યમથી આ દુઃખદ ઘટનાની સ્મૃતિઓ યુવા પેઢી સુધી પહોંચાડી રહી છે, જેથી દેશને ફરીથી તોડવાનો પ્રયાસ કરતી શક્તિઓ ક્યારે સફળ ન થાય અને એક ભારત- શ્રેષ્ઠ ભારત જ આપણું સર્વોચ્ચ ધ્યેય બને.



### સશક્ત, સમરસ અને સંવેદનશીલ ભારત બનાવવું આપણી જવાબદારીઃ રાજનાથ સિંહ

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું કે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ આપણને ભારતના ભાગલાની ભયાનકતાનું સ્મરણ કરાવે છે, જેણે લાખો પરિવારના જીવનને ઊંડા દુઃખ, વિસ્થાપન અને અનિશ્ચિતતાથી ભરી દીધું. આ માત્ર ઈતિહાસનો એક પીડાદાયક અધ્યાય નથી, પરંતુ એ અગણિત લોકોના સંઘર્ષ, સાહસ, ત્યાગ અને ધૈર્યની સ્મૃતિ પણ છે, જેમણે પોતાનું ઘર, પરિવાર, સંપત્તિ અને સ્વજનોને ગુમાવ્યા છતાં જીવનને પુનઃ નિર્માણ કરવાનો સંકલ્પ બતાવ્યો. આ દિવસ આપણને યાદ કરાવે છે કે ઈતિહાસની પીડાને માત્ર સ્મૃતિમાં યાદ રાખવું પૂરતું નથી, એમાંથી શીખ લઈ એવા સશક્ત, સમરસ અને સંવેદનશીલ ભારત બનાવવું આપણી જવાબદારી છે, જ્યાં ભાગલાની પીડા ફરીથી ક્યારેય કોઈપણ સમાજને સહન ન કરવી પડે. દેશના વિભાજનની વિભીષિકા પોતાના પ્રાણોની આહુતિ આપનાર તમામ જ્ઞાત-અજ્ઞાત લોકો તથા પોતાની જન્મભૂમિથી વિસ્થાપિત થયેલા અગણિત પરિવારોને મારી વિનમ્ર શ્રદ્ધાંજલિ. ■






# અનુકૂળ વાતાવરણથી ઔદ્યોગિક ક્રાંતિની નવી ઉડાન

વિકાસ માટે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં પરંતુ વ્યાપક ઔદ્યોગિક ઈકો-સિસ્ટમ અને અનુકૂળ વાતાવરણ પણ આવશ્યક છે. આંધ્ર પ્રદેશમાં પણ આવું જ વાતાવરણ વિકસિત કરવામાં આવી રહ્યું છે. આ જ કારણ છે કે આજે દુનિયાની અનેક મોટી કંપનીઓ અહીં રોકાણ કરવા માટે ઉત્સુક છે. વિકાસના આ ક્રમને આગળ વધારતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશમાં 17,900 કરોડ રૂપિયાથી વધુ ખર્ચની વિકાસ પરી યોજનાઓનું કર્યું ઉદ્ઘાટન શિલાન્યાસ.....



પીએમ મોદી દ્વારા અલ્લુરી સીતારામ રાજુ હવાઈ મથકના ઉદ્ઘાટનનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

આંધ્ર પ્રદેશના ઔદ્યોગિક ક્ષેત્રમાં વ્યાપક પરિવર્તનની પરિકલ્પના પ્રસ્તુત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાજ્ય સોફ્ટવેરમાં પોતાની ઓળખની સાથે-સાથે સશક્ત ઉત્પાદન કેન્દ્ર રૂપે પણ વિકસિત થશે. આનાથી ભવિષ્યમાં રોજગાર અને ટેકનોલોજી આધારિત ઉદ્યોગો માટે એક નવું વાતાવરણ પણ તૈયાર થશે. સ્વર્ણિમ આંધ્ર પ્રદેશના વિઝનને આગળ વધારતા 1 ઓગસ્ટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિજયનગરમ જિલ્લાના ભોગાપુરમમાં 17,900 કરોડ રૂપિયાથી વધુના ખર્ચની અનેક વિકાસ પર યોજનાઓનો ઉદઘાટન કર્યું.


આદિવાસી સમુદાયોના મહાનાયક અલ્લુરી સીતારામ રાજુને નમન કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ પાવનભૂમિ પર શરૂ કરાયેલા આ નવુ હવાઈ મથક પ્રાદેશિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ રન વે તથા યુવાઓના ઉજ્વળ ભવિષ્ય માટે એક સશક્ત લૉંચ પેડ છે. નવા હવાઈ મથકનું નામ મહાન સ્વતંત્રતા સેનાની અલ્લુરી સીતારામ રાજુના નામ ઉપર રાખવાના સરકારના ઔપચારિક નિર્ણયની પ્રધાનમંત્રીએ જાહેરાત કરી. વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સ્મરણીય શ્રદ્ધાંજલિ આ હવાઈ મથક પર આવનાર પ્રત્યેક યાત્રીમાં રાષ્ટ્ર સેવાની ઊંડી ભાવનાનો સંચાર કરશે .

## પીએમ મોદીની આંધ્રપ્રદેશના વિકાસ માટેની મહત્વપૂર્ણ વાતો.....

- હાલમાં લગભગ એક લાખ કરોડ રૂપિયાના ખર્ચ સાથેની રેલ પરિયોજના ઉપર કામ ચાલી રહ્યું છે.
- સમગ્ર રેલ નેટવર્કનું વિદ્યુતિકરણ થઈ ચુક્યું છે તથા 70થી વધુ રેલવે સ્ટેશનનું આધુનિકીકરણ કરાઈ રહ્યું છે.
- સોફ્ટવેર અને ટેકનોલોજી ક્ષેત્રમાં અહીંના યુવાનોની વૈશ્વિક ઓળખની પ્રશંસા કરી.
- યુવા પ્રતિભાને દેશમાં જ અવસરો ઉપલબ્ધ કરાવીને તેમની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવાની આવશ્યકતા છે.
- સરકારનું ધ્યાન હવે મુખ્યત્વે સેમિકન્ડકટર જેવા ભવિષ્યલક્ષી ટેકનોલોજી આધારિત ઉદ્યોગો પર છે
- ગુગલ દ્વારા 15 અબજ ડોલરના વિશાળ પરિસરની જાહેરાતનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ, રાજ્યમાં વૈશ્વિક રોકાણકારોના વધતી રુચિનો સ્પષ્ટ સંકેત છે.
- દુનિયાની અનેક વૈશ્વિક કંપનીઓ અહીં નવી સંભાવનાઓ જોઈ રહી છે, જેનો મોટો લાભ રાજ્ય તથા દેશના યુવાનોને મળશે.
- કેન્દ્ર સરકાર નકકાપલ્લીમાં એક વિશાળ ફાર્મા પાર્કની સ્થાપના માટે સહયોગ આપી રહી છે.
- નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર માટે રાયલ સીમા વિસ્તારમાં પાંચ લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણો આકર્ષિત થયા છે.
- પીએમ મોદીની છેલ્લી ત્રણ યાત્રાઓ દરમિયાન જ રાજ્યમાં બે લાખ કરોડ રૂપિયાના ખર્ચ સાથેની પરિયોજનાઓનો પ્રારંભ કરાયો છે.

- **તાજેતરમાં જ 29,000 કરોડ રૂપિયાના મોટા રોકાણ સાથે ઉડાન યોજનાના બીજા તબક્કાનો શુભારંભ કરાયો છે.**

**કાર્યરત હવાઈ મથકો**






*આજે દેશ બ્લુ ઈકોનોમીને સતત મજબૂત કરી રહ્યું છે. અમારૂં વિઝન છે કે આ સંપૂર્ણ વિસ્તાર "કોસ્ટલ ઈકોનોમિક કોરિડોર" તરીકે વિકસિત થાય. આ લક્ષ્યની સાથે વિશાખાપટ્ટનમથી કૃષ્ણપટ્ટનમ સુધી..... જુના બંદરોને આધુનિક સ્વરૂપ અપાઈ રહ્યું છે. આ ઉપરાંત મુલાપેટા અને રામાયાપટ્ટનમમાં અમે નવા બંદરો પણ બનાવી રહ્યા છીએ.*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*


# વૈશ્વિક વિકાસને ગતિ આપતા ભારતીય યુવાનો

***દેશના યુવાનો આજે વૈશ્વિક વિકાસને નવી ગતિ આપી રહ્યા છે. સ્વામી વિવેકાનંદના સ્વપ્નના ભારતનું નિર્માણ કરવું વર્તમાન પેઢીની મુખ્ય જવાબદારી છે. યુવા પેઢીની ચેતનાના સંવાહક સ્વામી વિવેકાનંદના નામથી કર્ણાટકના મૈસુરમાં "સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક યુવા કેન્દ્ર"- વિવેકા સ્મારક બન્યું છે જેનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 1 ઓગસ્ટે કર્યું ઉદ્ઘાટન....***

રામકૃષ્ણ મિશનના ઉપદેશો સાથે પોતાના ઊંડા આધ્યાત્મિક મૂળીયાઓનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના શરૂઆતના દિવસોથી લઈ વર્તમાન જવાબદારીઓ સુધીની વ્યક્તિગત યાત્રા પર આ સંસ્થાના અપાર પ્રભાવને યાદ કર્યો. નવનિર્મિત સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક યુવા કેન્દ્ર- 'વિવેકા સ્મારક'ના વારસાનો ઉત્સવ મનાવતા પ્રધાનમંત્રી મોદીએ મહાન સંત, કુવેમ્પુ જેવા સ્થાનિક વિદ્વાનો અને શહેરના બૌદ્ધિક ઈતિહાસ વચ્ચેના ઊંડા ઐતિહાસિક સંબંધોને પણ નમન કર્યું.

પ્રધાનમંત્રી મોદીએ યાદ અપાવ્યું કે 130થી વધુ વર્ષ પહેલાં કેવી રીતે મૈસુરના તત્કાલીન મહારાજાએ એક યુવાન, ભટકતા સંન્યાસીને ઓળખ્યા અને તેમની મદદ કરી. આ એક એવો મહત્વપૂર્ણ સહયોગ હતો જેને સ્વામી વિવેકાનંદે પાછળથી અમેરિકામાંથી ઊંડી કૃતજ્ઞતા સાથે સ્વીકાર્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું 'સાચા અર્થમાં એ જ જીવે છે જે બીજા માટે જીવે છે. આ મંત્ર સાથે આશ્રમે ગૌરવશાળી 100 વર્ષ પૂર્ણ કર્યા છે.'

સ્વામી વિવેકાનંદના સમયમાં ભારતીય યુવાનોની પરાધીન સ્થિતિની સરખામણી આજે તેમના વૈશ્વિક પ્રભાવ સાથે કરતાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે કેવી રીતે એક ફીલોસોફીએ યુવાનોના શિક્ષણને રાષ્ટ્ર નિર્માણનો મુખ્ય આધાર માન્યો હતો, જે ભારતીય યુવાનો, ક્યારેક ગુલામીની જંજીરોમાં જકડયેલા હતા, આજે તેઓ સમગ્ર વિશ્વના વિકાસને અભૂતપૂર્વ ગતિ આપી રહ્યા છે. દેશને, દુનિયાની સૌથી ઝડપથી વધતી અર્થવ્યવસ્થા, ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ અને બીજુ સૌથી મોટુ મોબાઈલ ઉત્પાદન કેન્દ્ર બનાવવાનું શ્રેય યુવાનોને જાય છે. આજે ભારત પોતાના યુવાનોની અપાર ક્ષમતાના બળે- એઆઈ, ડીપટેક, સ્પેસ ટેકનોલોજી અને ઈનોવેશનમાં સફળતાના નવા અને સ્વર્ણિમ અધ્યાય લખી રહ્યું છે. આત્મનિર્ભર ભારત અભિયાન હોય કે મેક ઈન ઈન્ડિયા, તેની સફળતા પાછળ સાચું પ્રેરક બળ વિશેષ રૂપે ભારતના યુવાનોની શક્તિ જ છે. ▪





***"સ્વામી વિવેકાનંદજીએ જે પ્રકારના ભારતનું સ્વપ્ન જોયું હતું, તેને સાકાર કરવાની જવાબદારી આજની પેઢી પર છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

## યુવાનોના સંદર્ભમાં પીએમ મોદીએ કહ્યું......

- 14,000 થી વધુ પીએમ શ્રી સ્કૂલ
- 10,000થી વધુ અટલ ટીકરીંગ લેબ
- આઈઆઈએમ અને આઈઆઈટીની સંખ્યામાં વધારો
- એમબીબીએસ મેડિકલ સીટોની સંખ્યા લગભગ 1.40 લાખ પર પહોંચી



કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો

# ગુવાહાટી-તેજપુર હાઈવે અને ગોબરધન યોજનાને મંજૂરી

*પૂર્વોત્તરમાં કનેક્ટિવિટી વધારવા અને દેશની પાયાની સુવિધાઓને મજબૂત કરવા માટે કેન્દ્રીય મંત્રીમંડળે અસમમાં લગભગ 136 કિમી લાંબા ફોર-લેન ગુવાહાટી-તેજપુર કોરિડોરના વિકાસને મંજૂરી આપી છે. બીજી તરફ, ઊર્જા ક્ષેત્રને મજબૂત કરવા અને ભારતમાં બાયોગેસ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે 'ગોબરધન યોજના'ને મંજૂરી આપવામાં આવી છે. મંત્રીમંડળના આ બંને નિર્ણયોથી જ્યાં પૂર્વોત્તરમાં કનેક્ટિવિટીને નવી ઝડપ મળશે, ત્યાં ખેડૂતોની આવક વધશે અને ઊર્જા સુરક્ષા થશે મજબૂત.....*

**નિર્ણય: અસમમાં ગુવાહાટી પાસે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-15 પર આવેલા બૈહાટા ચારિયાલીથી તેજપુર સુધી 15.11 કિમી મંગલદોઈ બાયપાસને છોડીને 4-લેન માર્ગના નિર્માણને મંજૂરી.**

**પ્રભાવ :** આ પ્રોજેક્ટથી સરેરાશ મુસાફરી ઝડપ લગભગ બમણી થશે, મુસાફરીનો સમય અડધો થઈ જશે. એકંદર માર્ગ સુરક્ષામાં સુધારો થશે. બળતણનો વપરાશ ઘટશે અને વાહનોના સંચાલન ખર્ચમાં ઘટાડો થશે. આનાથી પ્રાદેશિક ગતિશીલતા અને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન મળશે.


- આ પ્રોજેક્ટમાં 15 મોટા પુલ, 30 નાના પુલ, 19 ફ્લાયઓવર અને તેજપુર બાયપાસ પર એક હાથી અંડરપાસના નિર્માણની જોગવાઈ છે.
- 8,970.20 કરોડ રૂપિયાના ખર્ચે 135.87 કિલોમીટર લાંબા માર્ગનું નિર્માણ થશે.
- તેજપુર બાયપાસ પર 4.9 કિલોમીટર લાંબી ઈમરજન્સી લેન્ડિંગ સુવિધા વિકસાવવામાં આવશે.
- અસમ અને અરુણાચલ પ્રદેશના પ્રમુખ આર્થિક, સામાજિક અને લોજિસ્ટિક્સ નોડ્સને સીધી રીતે જોડશે.

**નિર્ણય: કમ્પ્રેસ્ડ બાયોગેસ માટે રાષ્ટ્રીય સંકલિત યોજના, ગોબરધનને 23,731 કરોડ રૂપિયાના બજેટ સાથે મંજૂરી.**

**પ્રભાવ :** દેશની જૈવિક સંપત્તિને સ્વચ્છ ઊર્જા, ગ્રામીણ સમૃદ્ધિ અને આર્થિક વિકાસમાં પરિવર્તિત કરવા માટેની ઐતિહાસિક રાષ્ટ્રીય યોજના. આ યોજના નાણાકીય વર્ષ 2026-27થી 2035-36 સુધી લાગુ કરવામાં આવશે.

- સુનિશ્ચિત ખરીદી, સ્થિર ભાવ નિર્ધારણ, મૂડી સહાય અને પાઈપલાઈન કનેક્ટિવિટી દ્વારા કમ્પ્રેસ્ડ બાયોગેસ ઉત્પાદનને ગતિ આપવા માટે સંકલિત માળખું.
- ઘરગથ્થુ કમ્પ્રેસ્ડ બાયોગેસ ઉત્પાદનમાં લગભગ દસ ગણા વધારાનું લક્ષ્ય, દેશની ઊર્જા સુરક્ષા મજબૂત થશે.
- ખેડૂતો, ગ્રામીણ સાહસિકો, ખાનગી રોકાણ, કચરામાંથી કંચન (વેસ્ટ-ટુ-વેલ્થ) અને આત્મનિર્ભર ભારતને મોટું પ્રોત્સાહન.

કૅબિનેટના નિર્ણયો પર પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.




# ‘યુવા’

## દરેક નિર્ણયનો આધાર

*દેશ-દુનિયામાં આજે અલગ-અલગ પડકારોને જોતાં આપણી જવાબદારીઓ પણ અલગ છે. પોતાના જીવનના આગામી 30-35 વર્ષોમાં યુવાનો જે કંઈ પણ કરશે, તે વિકસિત ભારતના નિર્માણની યાત્રાને પ્રભાવિત કરશે. આ જ કારણ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઈઆઈટી દિલ્હીના પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને કહ્યું કે તમારા દરેક નિર્ણયનો આધાર એ પણ હોવો જોઈએ કે તેનાથી દેશને શું ફાયદો થશે? આજે ભારત... આર્થિક આત્મનિર્ભરતા, તકનીકી આત્મનિર્ભરતા, ઔદ્યોગિક આત્મનિર્ભરતા માટે કામ કરી રહ્યું છે. આ જ મજબૂત પાયા પર કરવાનું છે એક ભવ્ય અને વિકસિત ભારતનું નિર્માણ...*

વિકસિત ભારતની આ યાત્રામાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશનો યુવાન જેટલો સશક્ત હશે, દેશ પણ એટલો જ સશક્ત બનશે. આ જ વિચારસરણી સાથે સરકારે એવા ઘણા ક્ષેત્રો ખોલ્યા છે, જ્યાં પહેલા યુવાનો માટે પ્રવેશ બંધ હતો. સરકારની આધુનિક નીતિઓના કારણે આજે દેશમાં યુવાનો માટે નવા-નવા ક્ષેત્રો પણ બની રહ્યા છે.

આઈઆઈટી દિલ્હીના 57માં પદવીદાન સમારોહમાં પીએમ મોદીએ તેજસ્વી વિદ્યાર્થીઓને સંસ્થાના સૌથી પ્રતિષ્ઠિત સન્માન પ્રદાન કર્યા. આઈઆઈટી દિલ્હીના સોનીપત કેમ્પસમાં સ્થાપિત એઆઈ-સક્ષમ ઉચ્ચ-પ્રદર્શન સુપર

# પીએમ મોદીએ વિદ્યાર્થીઓ સાથે જીવનની કેટલીક વ્યવહારિક વાતો શેર કરી...

- કેમ્પસનું જીવન અને કેમ્પસ બહારનું જીવન, આ બંનેમાં ખૂબ મોટો તફાવત હોય છે. આઈઆઈટીની પરીક્ષામાં સિલેબસ હોય છે, પરંતુ જિંદગીની પરીક્ષામાં બધું 'આઉટ ઓફ સિલેબસ' હોય છે.
- યાદ રાખો, કેમ્પસ લાઈફમાં બધા 'ફંડા' ક્લિયર હતા... બધું પહેલેથી જ નક્કી હતું. પરંતુ જિંદગી... અહીં ન તો કોઈ નક્કી કરેલો કોર્સ હોય છે, ન તો કોઈ પ્રશ્નપત્ર હોય છે. ઘણી વાર તો એ પણ કોઈ નથી કહેતું કે અસલી સવાલ શું હતો, એ સવાલ પણ જાતે જ ઓળખવો પડે છે.
- દરેક પેઢી સમક્ષ તે સમયગાળાના પોતાના પડકારો હોય છે. દરેક પેઢીની પોતાની એક રાષ્ટ્રીય જવાબદારી પણ હોય છે. આપણા દેશે ગુલામીનો એ સમય પણ જોયો છે, જ્યારે તે પેઢી સમક્ષ માત્ર એક જ લક્ષ્ય હતું - ભારતની આઝાદી.
- જ્યારે આપણે મોટા લક્ષ્યો હાંસલ કરવા નીકળીએ છીએ, ત્યારે એક મોટું ડિસ્ટ્રક્શન) પણ આપણી સામે આવે છે. આ ડિસ્ટ્રક્શન છે - એકબીજા સાથે સરખામણી કરવાનું. આજના સોશિયલ મીડિયાના યુગમાં આ સરખામણી ક્યારેય પૂરી થતી નથી.
- યાદ રાખો, જિંદગી કોઈ લીડર-બોર્ડ નથી, તમારી અસલી દોડ બીજા કોઈ સાથે નથી, પરંતુ તમારી પોતાની જાત સાથે છે. દરરોજ ગઈકાલ કરતાં વધુ સારા બનવાનો પ્રયાસ કરતા રહેજો.
- આજે દુનિયાના વ્યૂહાત્મક સમીકરણો (Strategic Equations) ખૂબ ઝડપથી બદલાઈ રહ્યા છે. ગ્લોબલ પાવર બેલેન્સ પણ ક્ષણે-ક્ષણે બદલાઈ રહ્યું છે. આની પાછળનું સૌથી મોટું બળ છે - ટેકનોલોજીની સ્પીડ.




**જે શીખશે, તે જીતશે. જે નવા પડકારોના નવા ઉકેલો શોધવાની હિંમત રાખશે, પડકારો તેમના માટે તકમાં ફેરવાઈ જશે.**

> **જીવનમાં જિજ્ઞાસા (curiosity) જાળવી રાખો, તમારી શીખવાની વૃત્તિને (Learning Instinct) સક્રિય રાખો. જે વાતો વિચાર્યા વગર સ્વીકારી લેવામાં આવે છે... તેને પરખો. તેના પર સવાલો ઉઠાવો. પરંતુ માત્ર સવાલ પૂછીને અટકી ન જાઓ, તેના ઉકેલો શોધવાની હિંમત પણ રાખો. આ જ વિચારસરણી તમારી અલગ ઓળખ બનાવશે.**
>
> – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

કમ્પ્યુટિંગ સુવિધા ‘પરમ પ્રજ્ઞા’નું પણ ઉદ્ઘાટન કર્યું. આ સુપર કમ્પ્યુટિંગ સુવિધાથી સંસ્થાની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ, અદ્યતન કમ્પ્યુટિંગ અને આંતર-વિષય સંશોધન ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે.

પ્રધાનમંત્રી મોદીએ ગત વર્ષના IIT દિલ્હીના પદવીદાન સમારોહમાં વર્ચ્યુઅલ સંબોધન દરમિયાન સ્પેસ સેક્ટરમાં થઈ રહેલા સુધારાઓ અંગેની ચર્ચાને યાદ કરતાં કહ્યું કે ત્યારે આ ક્ષેત્રમાં લગભગ તમામ કામ સરકાર જ કરતી હતી. પરંતુ આજે, એ જ સ્પેસ સેક્ટર હજારો યુવાનો માટે નવા અવસરોનું આકાશ બની ચૂક્યું છે. આજે આપણા યુવાનો પોતાના લોન્ચ વેહિકલ બનાવી રહ્યા છે, રોકેટ લોન્ચ કરી રહ્યા છે. એવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે, જે દુનિયાના જૂજ દેશો જ હાંસલ કરી શક્યા છે. ■

PM મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો ...




# યુપીઆઈ સેવા

## નિઃશુલ્ક ચાલુ રહેશે...

*ડિજિટલ ચૂકવણીને વધુ સશક્ત અને પારદર્શક બનાવવાની દિશામાં ભારત સરકારે ઘણા મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે. કરવેરા અને અન્ય કાયદા (સુધારા) વિધેયક, 2026 પસાર થયા પછી યુપીઆઈ સાથે જોડાયેલા શુલ્કના નવા નિયમોની રૂપરેખા સ્પષ્ટ થઈ ગઈ છે. સામાન્ય ગ્રાહકો અને પર્સન-ટુ-પર્સન (P2P) વ્યવહારો માટે યુપીઆઈ સેવા સંપૂર્ણપણે મફત ચાલુ રહેશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટ કર્યું કે ડિજિટલ લેવડ-દેવડ પર મરચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) વેપારીઓ પર લાગુ થાય છે, ગ્રાહકો પર નહીં. એમડીઆર શુલ્કથી બેંકો અને ફિનટેક કંપનીઓને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુરક્ષા પર વધુ રોકાણ કરવામાં મદદ મળશે...*

સંસદે કરવેરા અને અન્ય કાયદા (સુધારા) વિધેયક, 2026 પસાર કરી દીધું છે. સંસદમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટ કર્યું કે આ કાયદો યુપીઆઈ પર કોઈ ટેક્સ નથી લગાવતો અને ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ ગ્રાહકો માટે મફત રહેશે. તેમણે એમ પણ કહ્યું કે યુપીઆઈ સાથે જોડાયેલો ફેરફાર માત્ર એક જરૂરી જોગવાઈ છે અને તે પોતે યુઝર્સ પર કોઈ ટેક્સ કે ટ્રાન્ઝેક્શન ચાર્જ નથી લગાવતો. સરકારે સ્પષ્ટ કર્યું છે કે નાના વેપારીઓ પર કોઈ એમડીઆર લગાવવાનો ઈરાદો નથી, કારણ કે તે યુપીઆઈના સર્વસમાવેશી વિકાસ માટે જરૂરી છે.

### યુપીઆઈ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ તથ્યો...

- વર્ષ 2016-17માં લોન્ચ થયા પછી, યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ), ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થાને દુનિયાની સૌથી સમાવેશી અને ગતિશીલ પેમેન્ટ સિસ્ટમ્સમાંની એક બનાવે છે.
- યુપીઆઈ દુનિયાની સૌથી ઝડપી પેમેન્ટ સિસ્ટમ છે, માત્ર જુલાઈ 2026માં 29.9 લાખ કરોડ રૂપિયાના 2,366 કરોડ વ્યવહારો કરવામાં આવ્યા છે.
- યુપીઆઈ હવે 12 દેશો સાથે જોડાયેલું છે અને ત્યાં સ્વીકારવામાં આવે છે. સરકાર આંતરરાષ્ટ્રીય સ્તરે યુપીઆઈને સતત પ્રોત્સાહન આપી રહી છે.




### ભારત સરકારે સ્પષ્ટપણે આ જાહેરાત કરી છે...


- **યુઝર્સ માટે નિઃશુલ્કઃ** ચૂકવણી કરનારા ગ્રાહકોએ લેવડ-દેવડ પર કોઈ શુલ્ક આપવો નહીં પડે.
- **P2P વ્યવહારો મફતઃ** તમામ પર્સન-ટુ-પર્સન વ્યવહારો નિઃશુલ્ક રહેશે.
- **વેપારીઓ માટે મામૂલી એમડીઆરઃ** એમડીઆર શુલ્ક લાગુ થવા પર, તે માત્ર મર્યાદિત સંખ્યાના વેપારી વ્યવહારો પર, એક નિશ્ચિત સીમાથી વધુ રકમ પર, મામૂલી દરે લાગુ થશે, જે ડેબિટ કે ક્રેડિટ કાર્ડ એમડીઆર કરતાં ઘણો ઓછો હશે.
- મોટાભાગના વ્યવહારો યુપીઆઈ પર વેપારીઓ માટે મફત રહેશેઃ નાના દુકાનદારો અને કરિયાણાની દુકાનોને યુપીઆઈ પેમેન્ટ સ્વીકારવા પર એમડીઆર આપવો પડતો નથી.
- સંસદ દ્વારા કરવેરા અને અન્ય કાયદા (સુધારા) વિધેયક, 2026 પસાર થયા પછી, જેમાં પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, 2007ની કલમ 10A માં સુધારાનો પ્રસ્તાવ છે, એનપીસીઆઈની અધ્યક્ષતાવાળી 'યુપીઆઈ અને સેવા સંચાલન સમિતિ' એમડીઆર (જો લાગુ હોય તો) પર નિર્ણય લેશે. ■

# વિકસિત ભારત માટે જરૂરી
# શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય

*વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે શારીરિક રીતે સ્વસ્થ, માનસિક રીતે સશક્ત અને આત્મવિશ્વાસથી ભરપૂર યુવા પેઢી હોવી અનિવાર્ય છે. આ જ દ્રષ્ટિકોણથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2 ઓગસ્ટે 'નશા મુક્ત યુવા-વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો પ્રારંભ કર્યો...*

*"જો કોઇ યુવાન ભૂલથી નશામાં ફસાઇ પણ ગયો છે તો એનો મતલબ એ બિલકુલ નથી કે તેના બધા રસ્તા બંધ થઇ ગયા છે! ઘરનું કોઈ બાળક જો નશાનો ભોગ બન્યું છે... તો તેને સામાજિક પ્રતિષ્ઠાની આડમાં છુપાવો નહીં. જેની જરૂર હોય તેનો સહયોગ લો. મેડિકલ હેલ્પથી તમારા બાળકને નશામાંથી મુક્ત કરાવવાનો પ્રયાસ કરો. આપણે પરિવારમાં બાળકો સાથે ખુલીને વાતચીત કરવાની સંસ્કૃતિ પણ કેળવવી જોઈએ... જેથી આવી મુશ્કેલીમાં ફસાય તે પહેલાં જ તમે તેનો હાથ પકડી શકો.*

*– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*



પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

નશા મુક્ત ભારત સંકલ્પ અભિયાન માત્ર વ્યક્તિગત સ્વાસ્થ્ય સુધી સીમિત નથી, પરંતુ પરિવાર, સમાજ અને સમગ્ર રાષ્ટ્રના વ્યાપક હિતોની પૂર્તિ કરે છે. આ જ કારણ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અભિયાનને એક મહત્વપૂર્ણ સંકલ્પ ગણાવ્યો અને દેશવ્યાપી અભિયાનમાં 28 હજારથી વધુ સ્થળોએથી જોડાયેલા એક કરોડથી વધુ યુવાનોને સંબોધિત કર્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે જ્યારે રાષ્ટ્ર એ વિકસિત ભારતનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે, તો એ જરૂરી છે કે દેશના યુવાનો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે.

યુવાનો આત્મવિશ્વાસથી પરિપૂર્ણ હોય અને નશીલા પદાર્થો જેવી વિનાશકારી ટેવોથી હંમેશા દૂર રહે. પીએમ મોદીએ કહ્યું, "કાશી ઘોષણા હેઠળ 125થી વધુ આધ્યાત્મિક સંગઠનો અને ઘણા બિનસરકારી સંગઠનોના સમર્થનથી, આ કલ્યાણકારી વિચાર હવે સફળતાપૂર્વક એક રાષ્ટ્રીય પ્રોજેક્ટ બની ગયો છે." અભિયાનના મહત્વાકાંક્ષી 100 સપ્તાહના રોડમેપની રૂપરેખા રજૂ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "આગામી 100 રવિવાર સંપૂર્ણ રીતે નશા મુક્ત ભારતની દિશામાં 100 મજબૂત કદમ સાબિત થશે. દેશના ભવિષ્ય અને જીવન માટે વ્યસન મુક્ત રહેવું જરૂરી છે."

## પીએમ મોદીની મહત્વપુર્ણ વાતો...

- નશીલા પદાર્થોથી મળતો ક્ષણિક આનંદ અંતતઃ કારકિર્દી અને કૌટુંબિક જીવનના પતનનું કારણ બને છે.
- કોઈપણ પરિસ્થિતિમાં નશીલા પદાર્થોને સામાજિક સ્વીકૃતિ મળવી જોઈએ નહીં.
- વ્યસન પર કાબૂ મેળવવામાં સામાજિક સહયોગ, યોગ, ધ્યાન અને આધુનિક પુનર્વસન કેન્દ્રો (રિહેબ સેન્ટર્સ) મહત્વપૂર્ણ છે.
- સંવેદનશીલ બાળકોને આ જાળમાં ફસાતા બચાવવા માટે ઘરમાં ખુલ્લા સંવાદની સંસ્કૃતિને પ્રોત્સાહન આપો.
- શિક્ષણવિદો નશીલા પદાર્થોના જોખમો પરની ચર્ચાને નિયમિત અભ્યાસક્રમમાં શામેલ કરે.
- નશાની લત સામે લડીને બહાર આવનારા યુવાનો નબળા નથી, તેઓ અસલી યોદ્ધા છે.

રાષ્ટ્રમંડળ રમતોના ચંદ્રક વિજેતાઓ સાથે પ્રધાનમંત્રી મોદીનો સંવાદ

# ભાવિ પેઢીને પ્રેરણાનો મંત્ર...જીત

**સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાયેલા રાષ્ટ્રમંડળ રમતોત્સવ 2026માં ભારતે શાનદાર રમતનું પ્રદર્શન કરતાં 13 સુવર્ણ, 17 રજત અને 9 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 39 ચંદ્રક જીત્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10 ઓગસ્ટે રાષ્ટ્રમંડળ રમતોના ચેમ્પિયનો સાથે વાતચીત કરીને દેશને ગૌરવાન્વિત કરવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા. આ દરમિયાન પીએમ મોદીએ ભારતીય રમત-ગમતોમાં આવેલા પરિવર્તન, ખેલાડીઓની સિદ્ધિઓ, જમીની સ્તરે રમત-ગમત પ્રતિભાઓ તૈયાર કરવા અને દેશમાં વ્યાપક રમત-ગમત સંસ્કૃતિ વિકસાવવા પર પણ કરી વિસ્તૃત ચર્ચા......**



### ખેલાડીઓનું સ્વાગત નિયમિત પરંપરા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 12 વર્ષના કાર્યકાળ દરમિયાન તેમના સરકારી નિવાસસ્થાને રાષ્ટ્રીય ખેલાડીઓનું સ્વાગત કરવું એ એક નિયમિત અને ગર્વપુર્ણ પરંપરા રહી છે. ખેલાડીઓ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે દેશ માટે સતત જીત હાંસલ કરવામાં ભારતીય એથ્લેટ્સના સમર્પિત પ્રયાસો અને સતત સફળતાઓ શાળાના વિદ્યાર્થીઓને વધુ અસરકારક રીતે પ્રેરિત કરે છે.

### દેશના વીર સપૂતોને શ્રદ્ધાંજલિ

કારગીલ વિજય દિવસ પર પાકિસ્તાની પ્રતિસ્પર્ધીને 5-0થી હરાવનારા ભારતીય સેનાના એથ્લેટની દેશભક્તિની પીએમ મોદીએ પ્રશંસા કરી. એથ્લેટે પોતાની જીત ભારતીય સેનાના નાયકોને સમર્પિત કરતાં કહ્યું કે આ પ્રકારનું અજોડ રાષ્ટ્રીય ગૌરવ એથ્લેટિક જીતમાં અસાધારણ ચમક ઉમેરે છે. તેમણે એક ખેલાડી સાથેની વાતચીત, જેમાં તેમના આર્મી કોચ નરેન્દ્ર રાણા અને તેમના સામાન્ય નામ,

'નરેન્દ્ર' વિશેનો. એક રમુજી કિસ્સો સંભળાવતા હળવી ક્ષણો શેર કરી. પીએમ મોદીએ કહ્યું, "તમે માત્ર ચંદ્રકોની સંખ્યા નથી વધારી, તમે એક આખી પેઢી તૈયાર કરી છે."

### જે રમશે તે ખીલશે

ખેલાડીઓ સાથેની વાતચીતમાં પીએમ મોદીએ કહ્યું કે સ્પોર્ટ્સ વ્યવસ્થા એક વાત છે, પરંતુ દેશનો ખેલાડી મેડલ ત્યારે જ પ્રાપ્ત કરે છે જ્યારે દેશમાં રમતગમતની સંસ્કૃતિ બને છે.

"મિત્રો, તમે બહુ મોટું કામ કર્યું છે. દેશનું નામ રોશન કર્યું છે. હું તમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તમે વિશ્વાસ રાખજો, આગળ પણ તમે વિજયી બનશો અને આપણે ફરી એકવાર અહીં મળીશું."

### શું તું મોદીને મળી છે?

એક ખેલાડીએ વાતચીત દરમિયાન જણાવ્યું કે જ્યારે મિત્રો વચ્ચે ચર્ચા થતી અને હું કહેતી કે આ તમારા ભલા માટે છે, તમે આ કરો; ત્યારે મારા મિત્રો મજાકમાં કહેતા કે "શું તું મોદીને મળી છે કે તારી વાત માનીએ?"

ખેલાડીએ જણાવ્યું કે , "સર, આજે હું તમને મળી રહી છું! હવે હું, તેમને કહી શકીશ કે હા, હું મોદીજીને મળી છું." ■



### જ્યારે મીરાબાઈ ચાનુની આંખોમાંથી આંસુ છલકાયા

પોડિયમ પર ઊભા રહીને રાષ્ટ્રગીતની ધૂન સાંભળવી અને પછી આંખોમાંથી ખુશીના અશ્રુ છલકાવા. પોતાની વર્ષોની સખત મહેનત, પીડા , ઈજા અને ત્યાગને યાદ કરતા સુવર્ણ ચંદ્રક વિજેતા મીરાબાઈ ચાનુએ કોમનવેલ્થ ગેમ્સની એ ભાવુક ક્ષણનો અનુભવ શેર કર્યો, જ્યારે તેમની આંખોમાંથી અશ્રુ રોકાઈ રહ્યા નહોતા.

પીએમ મોદીએ તેમને કહ્યું, "તમે દેશની શાન ખૂબ વધારી છે. તમારા ચહેરા પરથી એટલાં આંસુ ટપકી રહ્યા હતા કે મને લાગતું હતું જાણે અશ્રુના દરેક ટીંપામાંથી સુવર્ણ ચંદ્રક ટપકી રહ્યો છે."




***"7, લોક કલ્યાણ માર્ગ પર રાષ્ટ્રમંડળ રમતો 2026ના આપણા શાનદાર ચંદ્રક વિજેતાઓની મહેમાનગતિ કરીને મને ખૂબ આનંદ થયો. રમતો દરમિયાનના તેમના અનુભવો સાંભળ્યા. તે સૌએ પોતાના શ્રેષ્ઠ પ્રદર્શનથી દેશનું માન વધાર્યું છે. તેમની સફળતા અનેક યુવાનોને પ્રેરણા આપશે."***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***


**પીએમ મોદી દ્વારા ભારતના સીડબલ્યુજીના ચેમ્પિયન્સ સાથેની વાતચીતનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો**



### મેડલ ટેલી



સુવર્ણ **13**



રજત **17**




કાસ્ય **9**

કુલ **39**

# ભારતીય લોકશાહી અને સમાજ માટે ધરોહર

## પુર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથા




*જ્યારે હૃદય ઉદાર હોય, ભારતીય સંસ્કાર હોય, ત્યારે વ્યક્તિ સમાજની ખામીઓ કાઢવામાં સમય નથી બગાડતો, તે તેના સકારાત્મક પાસા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તે પોતાની સફળતામાં સમાજને બરાબરનો ભાગીદાર માને છે. આવા જ છે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ. તેથી જ પૂર્વ રાષ્ટ્રપતિની આત્મકથાના વિમોચન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમની આત્મકથા ભારતીય લોકશાહી અને સમાજ માટે એક ધરોહર છે...*

ઉનાળાની ઋતુમાં પૂર્વ રાષ્ટ્રપતિના ઘરમાં એક દિવસ આગ લાગી હતી. તેમના માતા પોતાની ચિંતા છોડીને ઘરની ચીજવસ્તુઓને બચાવી રહ્યા હતા, તે જ પ્રયાસમાં આગમાં ફસાઇ જવાથી તેમનું મૃત્યુ થયું. નાની ઉંમરમાં માતાને આ રીતે ગુમાવવી કેટલુ દર્દનાક રહ્યું હશે. આ ઘટનાથી કોઇ પણ તૂટી શકતું હતું, પરંતુ આ પરિસ્થિતિઓએ પૂર્વ રાષ્ટ્રપતિને વધુ મજબૂત બનાવ્યા. પડોશના એક માતાએ તેમના લાલન-પાલનમાં મદદ કરી. આ ઘટનાથી તેમણે સમાજની એકતા અને સદભાવનાની તાકાતને સમજી. પુસ્તક વિમોચનના પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે જોડાયેલી આ વાત સંભળાવી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની જીવનયાત્રાને તમે તેમના જ શબ્દોમાં જાણો, દેશની નવી પેઢી તેમના લેખન અને અનુભવોને વાંચે, આનાથી દરેકને ઘણું બધું શીખવા મળશે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે પુસ્તકને ખૂબ જ સચોટ નામ આપવામાં આવ્યું છે – “Triumph of the Indian Republic: My Life, My Struggles”. કહેવાનો અર્થ એ છે કે જીવન અને જીવનના સંઘર્ષો તેમના અંગત છે, પરંતુ તે સંઘર્ષોના પરિણામે મળેલી જીત ભારતના ગણતંત્રની છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, “કોવિંદજી સાથે મારો ખૂબ જ લાંબો પરિચય રહ્યો છે, તેમને નજીકથી જાણવાની પણ તક મળી. રાષ્ટ્રપતિ તરીકે તેમનું માર્ગદર્શન અને તેની સાથે સાથે તેમનો મારા પ્રત્યેનો વિશેષ સ્નેહ, તેમની આત્મીયતા, આ મારી ખૂબ મોટી મૂડી રહી છે. મેં તેમના જીવનને જેટલું સમજ્યું છે, તેમની કાર્યક્ષમતાઓને જેટલી જાણી છે, હું પૂરા વિશ્વાસ સાથે કહી શકું છું કે રામનાથ કોવિંદજીની આત્મકથા ભારતીય લોકશાહી અને ભારતીય સમાજ માટે એક વારસો બનશે.”

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી પેઢીને વિનંતી કરી કે રીલ્સનો જમાનો છે, સોશિયલ મીડિયામાં ઈન્ફ્લુએન્સર્સ તમને ખેંચીને ક્યાં ને ક્યાં લઈ જાય છે. આ શોર્ટકટના યુગમાં પણ એક વાત આપણે જરૂર યાદ રાખીએ, રેલવે સ્ટેશન પર કેટલાક લોકોને પાટા પર કૂદીને જવાની આદત હોય છે, બ્રિજ પરથી નથી જતા. ત્યાં લખેલું હોય છે - 'શોર્ટકટ વિલ કટ યુ શોર્ટ' . અને જો શોર્ટકટના રસ્તે પણ બહાર નીકળવું હોય, તો હું નવયુવાનોને કહીશ કે તમને જેની પણ પસંદ હોય તેમની આત્મકથા જરૂર વાંચો. આત્મકથા તે સમયગાળાના ઈતિહાસની ઘટનાઓને અલગ રીતે સમજવાની તક આપે છે. ■

X



**PMO India**
@PMOIndia

आज जब देश ने विकसित भारत का लक्ष्य तय किया है... तो इसके लिए आवश्यक है... देश का युवा, तन से स्वस्थ हो, मन स्वस्थ हो, आत्मविश्वास से भरपूर हो और ड्रग्स जैसी घातक आदत से हमेशा दूर हो: PM @narendramodi



**Rajnath Singh**
@rajnathsingh

भारत अब रक्षा उपकरणों का दुनिया के लिए निर्माता और निर्यातक बन रहा है। रक्षा उत्पादन और निर्यात में अभूतपूर्व वृद्धि, भारत की बढ़ती आत्मनिर्भरता, सामर्थ्य और वैश्विक पहचान का प्रमाण है।



**Amit Shah**
@AmitShah

सहकारिता के माध्यम से ग्रामीण अर्थव्यवस्था को मजबूत करने की दिशा में आज अलवर में ₹200 करोड़ की लागत से प्रतिदिन 3 लाख लीटर दूध के प्रसंस्करण की क्षमता से युक्त 'अलवर सरस डेयरी' के नवीन प्लांट का ई-शिलान्यास किया। साथ ही, ₹274 करोड़ की लागत से सरस डेयरी से सम्बंधित चार अन्य परियोजनाओं का ई-लोकार्पण भी किया।

आधुनिक तकनीक से युक्त इन संयंत्रों से उत्पादन प्रक्रिया अधिक वैज्ञानिक, पारदर्शी और कम ऊर्जा की खपत वाली बनेगी। इससे क्षेत्र के दुग्ध उत्पादकों को उनके दूध का बेहतर दाम मिलेगा, ग्रामीण क्षेत्रों में रोजगार के नए अवसर सृजित होंगे व प्रदेश में 'सहकार से समृद्धि' का संकल्प और मजबूत होगा।



**Nitin Gadkari**
@nitin_gadkari

📍 उत्तराखंड 🛣️

सीआरआईएफ के तहत उत्तराखंड में कुल 235.42 किलोमीटर लंबाई की 9 सड़कों के चौड़ीकरण और मज़बूती काम के लिए 297.37 करोड़ रुपए की लागत के साथ स्वीकृति दी गई है।

#PragatiKaHighway #GatiShakti



**Shivraj Singh Chouhan**
@ChouhanShivraj

आज लाल किले की प्राचीर से मैं देश के सामने शक्ति की सप्तधारा का आह्वान करता हूं।

1. Manufacturing Power
2. कृषि और Food Processing
3. Technology और Innovation
4. Gati Shakti
5. रक्षा शक्ति
6. Green और Blue Economy
7. भारत का Soft Power

- आदरणीय प्रधानमंत्री श्री @narendramodi जी



**Arjun Ram Meghwal**
@arjunrammeghwal

देश के नौजवानों के लिए बड़ी घोषणा!

- आने वाले एक वर्ष में 1 करोड़ युवाओं को AI स्किल्स की ट्रेनिंग

- युवाओं के उज्ज्वल भविष्य के लिए विभिन्न परीक्षाओं की नि:शुल्क ऑनलाइन कोचिंग

#IndiaIndependenceDay



## लाल किले की प्राचीर से मोदी ने युवाओं से नेतृत्व संभालने का आह्वान किया

# हथियारी नक्सली गए, दिमागी मौके की तलाश में: PM

## मोदी ने बताई 'सप्त धारा' जिनसे बनेगा विकसित भारत



### सप्त सिंधु... सात नदियों की धरती, भारत की है यह प्राचीन पहचान



'वंदे मातरम्' का भी जिक्र

# वड़े सुधारों की ओर भारत, पुराने नियमों से काम नहीं चलेगा : पीएम

### देश में चिप निर्माण से जुड़े तीन प्लांट शुरू किए गए

# बंटवारे का दंश...कई जिंदगियां तहस-नहस हो गईं : पीएम मोदी



# पेपर लीक रोकने से लेकर परीक्षाओं में व्यापक सुधार करने के लिए कदम उठा रही सरकार : राष्ट्रपति



# "સારનાથનું પ્રાચીન બૌદ્ધ સ્થળ"
# હવે યુનેસ્કોની વિશ્વ ધરોહર


દક્ષિણ કોરિયાના બુસાનમાં આયોજિત વિશ્વ ધરોહર સમિતિના 48માં સત્રમાં એક મહત્વપૂર્ણ નિર્ણય હેઠળ 2025-26 સાઈકલ માટે ભારતના "સારનાથના પ્રાચીન બૌદ્ધ સ્થળ"ને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. વિશ્વ ધરોહર યાદીમાં સામેલ આ ભારતની 45મી ધરોહર છે. આ વૈશ્વિક સન્માન ભારતનો સાંસ્કૃતિક વારસો, વાસ્તુકળાની ઉત્કૃષ્ટતા, પ્રાદેશિક ઓળખ અને ઐતિહાસિક નિરંતરતાની વિવિધ પરંપરાઓને પ્રદર્શિત કરે છે...

- આ યાદીમાં 45 સ્થળો સાથે, ભારત દુનિયાભરમાં છઠ્ઠા અને એશિયા-પેસિફિક ક્ષેત્રમાં બીજા સ્થાને છે, જ્યાં સૌથી વધુ વિશ્વ ધરોહર સ્થળો છે.

"

દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ! એ જાણીને અત્યંત આનંદ થયો કે ઉત્તર પ્રદેશના સારનાથને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવાં આવ્યું છે. સારનાથનો ભગવાન બુદ્ધ સાથે ઊંડો સંબંધ છે, જેમનો જ્ઞાન, કરૂણા અને સદભાવનો શાશ્વત સંદેશ આખી દુનિયાને પ્રેરિત કરે છે. આ સન્માન ભારતના ઊંડા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનો ઉત્સવ છે. આનાથી દુનિયાભરના વધુ ને વધુ લોકો સારનાથ આવવા અને ભગવાન બુદ્ધના આદર્શો સાથે જોડાવા માટે પ્રેરિત થશે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

**આર.એન.આઈ., DELGUJ/2020/78812, 1-15 સપ્ટેમ્બર, 2026**
આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 3 એપ્રિલ 2026, કુલ પાના-48)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી
દિલ્હી- 110003 થી પ્રકાશિત